પુસ્તક :

સૂત્રકૃતાંગ સૂત્ર

પ્રકાશક :

પ્રેમજિનાગમ-પ્રકાશન સમિતિ

પ્રથમ સંસ્કરણ

મૂલ્ય : ૬)

પ્રાપ્તિસ્થાન

શ્રમણી વિદ્યાપીઠ,

હીંગવાળા લેન, ઘાટકોપર, મુંબઈ - ૭૭

પ્રત ૧૦૦૦

સંવત ૨૦૩૧, ઈ. સ. ૧૯૭૫

કંઈક પ્રાસંગિક

પ્રત્યેક તીર્થંકર ભગવાન્ પોતપોતાના શાસનકાળમાં દ્વાદશાંગીનો ઉપદેશ આપે છે. તીર્થંકર દેવો અર્થ રૂપે ઉપદેશ આપે છે અને ગણધર મહારાજો અર્થ રૂપ તે પ્રવચનને સૂત્ર રૂપે ગૂંથે છે આ રીતે તીર્થંકરની વાણીને अत्थागम (અર્થાગમ) અને ગણધરની વાણીને सुत्तागम (સૂત્રાગમ) કહેવાય છે. તે આગમો આચાર્ય ભગવંતોનો અમૂલ્ય અને અક્ષય જ્ઞાનનિધિ બની ગયેલ હોવાથી 'ગણિપિટક'ના નામે સંબોધિત કરાય છે. તે આગમોની સંખ્યા- બારની છે, માટે તેને દ્વાદશાંગી પણ કહે છે આ દ્વાદશાંગી પ્રવાહ રૂપે તો અનાદિ અનંત છે, પરંતુ વર્તમાન દ્વાદશાંગીના ઉપદેષ્ટા જ્ઞાતપુત્ર શ્રમણ ભગવાન મહાવીર છે

દ્વાદશાંગીમાં "દૃષ્ટિવાદ" નામનું બારમું અંગસૂત્ર વિચ્છિન્ન થયું છે. તેથી હાલમાં અગિયાર અંગ જ વિદ્યમાન છે.

ભગવાન મહાવીરના નિર્વાણ બાદ બાર બાર વર્ષના દુષ્કાળો પડવાથી તેમજ કાળ પ્રભાવે યાદશક્તિ ઘણી ઓછી થઇ જવાથી આગમ સાહિત્ય છિન્ન-ભિન્ન થવાના પ્રસંગો આવતા રહ્યા પરંતુ શ્રુતપરંપરાના પ્રવાહને અક્ષુણ્ણ રાખવા માટે વીર સં. ૧૬૦ માં પાટલીપુત્ર નગરમાં શ્રમણ-સંઘ ભેળો થયો અને આગમો વ્યવસ્થિત કરવામાં આવ્યાં

ત્યારબાદ વીર સં. ૮૨૭ થી ૮૪૦ ના ગાળામાં, આચાર્ય સ્કંદિલના નેતૃત્વમાં મથુરાપરિષદ થઇ. આગમોને વ્યવસ્થિત કરવાનો આ દ્વિતીય પ્રયત્ન હતો. તે માથુરી વાચના કહેવાય છે તે સમયે આચાર્ય નાગાર્જુનના નેતૃત્વમા વલ્લભીપુરમાં પણ આગમોને વ્યવસ્થિત કરવા માટે થોડા શ્રમણોનું એક સંમેલન થયું હતું. તેને નાગાર્જુનીય વાચના કહે છે.

તત્પશ્ચાત્ વીર સં. ૯૮૦ માં આચાર્ય દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણના નેતૃત્વમાં ફરી વલ્લભીમાં પરિષદ્ મળી. તે સમયે આગમપાઠોને વ્યવસ્થિત કરવા ઉપરાંત સ્મૃતિ ઘણી ઘટી જવાથી આગમોને લિપિબદ્ધ કરવામા આવ્યાં આગમોનો ઘણો ભાગ લુપ્ત થઇ ગયો છે, કિંતુ તેનો પૂર્ણતઃ લોપ થયો નથી આગમનું મૂળ રૂપ વર્તમાનમા પણ સુરક્ષિત છે

જૈનધર્મના હાલ ઉપલબ્ધ અગિયાર અંગોમા પહેલું આચારાંગ સૂત્ર છે. તેમાં સાધુનો આચાર વિગતથી વર્ણવેલો છે. તે પછીનુ બીજું સૂત્ર આ સૂત્રકૃતાંગ છે તેના બે શ્રુતસ્કંધો છે. પહેલા શ્રુતસ્કંધના ૧૬ અધ્યયનો અને બીજા શ્રુતસ્કંધના ૭ અધ્યયનો છે બન્ને મળીને ૨૩ અધ્યયનો છે.

સૂત્રકૃતાંગ સૂત્રના ૩૬૦૦૦ પદ હતા, પરંતુ હાલ ઉપલબ્ધ સૂત્રનુ પ્રમાણ ફક્ત ૨૧૦૦ શ્લોકનું છે. તેમા ૮૨ સૂત્રો છે અને ૭૨૩ ગાથાઓ છે.

સૂત્રકૃતાંગ સૂત્રના અધ્યયનથી યથાર્થ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આ સૂત્ર ધર્મ-સાધનાની [illegible] શાસ્ત્રોમાંનું એક છે. આ સૂત્ર સંસાર પ્રત્યે નિર્વેદની પ્રાપ્તિ કરાવી [illegible] પ્રત્યે અનુરાગ કેળવવાનો બોધ પણ આપે છે. સંયમના અનુષ્ઠાનમાં પ્રવર્તન કરીને [illegible] તપ ક્રિયામાં પરાક્રમ ફોરવી, જિતેન્દ્રિય બની તથા પરિષહો [illegible] ધર્માર્થી, આત્મનિષ્ઠ અને અપ્રમત્ત બનવાનો મહાન ઉપદેશ આપે છે. આ [illegible] વિચારવા યોગ્ય છે તેથી સંસાર પ્રત્યેની અભિરુચિ દૂર થાય છે અને [illegible]

પ્રાક્-કથન

ભગવાન્ મહાવીરનું વ્યક્તિત્વ વિવિધ આયામોમાં વિકાસ પામેલું છે જીવનને પૂર્ણતા અને સમગ્રતામાં જીવવાની કળા જેણે આત્મસાત કરી હોય તેજ વિરાટ સત્યના વિશિષ્ટ રહસ્યોનું સરળતાપૂર્વક ઉદ્ઘાટન કરવાની સવિશેષ અને અપ્રતિમ ક્ષમતા ધરાવી શકે છે ભગવાન મહાવીર આવી વિરલ વ્યક્તિઓમાં પણ મૂર્ધન્ય છે, એટલે એમની અનુભૂતિમાંથી અભિવ્યક્તિ પામતી વાણી આર્હત-આગમોના નામે પરમ્પરાથી સચવાતી અને સુરક્ષિત રહેતી આવી છે પરમાત્મભાવની ઉપલબ્ધિને વરેલા શ્રેષ્ઠ અને વરિષ્ઠ નિર્ગ્રન્થોના પ્રવચનો સચેતન અખિલ બ્રહ્માંડ માટે તો સામાન્ય-તયા ઉપકારક છે જ; વિચારકો, સાધકો તથા મનીષીઓને સવિશેષ આંદોલિત અને પ્રેરિત કરનારા પણ છે.

જાગતિક તાપત્રયથી સતપ્ત જીવોના શ્રેયસ્-નિઃશ્રેયસ્ માટે આ વીતરાગ-વાણી સહજ સ્ફુરિત નવનવોન્મેષની જેમ પારદર્શક છે તેમ કરુણા-ગુણથી ઓતપ્રોત એમનું (વીતરાગ પ્રભુનું) નિશ્ચલ અને નિઃશલ્ય હૈયું લોકોત્તર ગૌરવ અને ગરિમાથી વ્યાપ્ત પણ છે. જગજીવોના પારમાર્થિક કલ્યાણ અને આત્યંતિક ઉપકાર માટે એમનામાં સહજ-નૈસર્ગિક કરુણાનો સ્રોત અનવરત વહ્યા જ કરે છે.

નિર્જન વનમાં ખિલેલાં ફૂલો કોઇના પાસેથી કશી જ અપેક્ષા રાખ્યા વગર જ અત્ર, તત્ર, સર્વત્ર સહજ સ્ફુરિત લોકોત્તર સૌરભથી અભિવ્યાપ્ત મહિમામય વાતાવરણનું પ્રાકૃતિક રીતે સર્જન કરે છે તેમ ભગવદ્-વાણી પણ કશા જ લૌકિક પ્રયોજનો અને ઉદ્દેશ્યોથી બાહર અસીમ કરુણાવૃત્તિ-માંથી સહજ, સ્વયંભૂ રીતે અભિવ્યક્તિ પામતી, એકાન્ત નિરપેક્ષ છતાં જીવનના અમૂલ્ય રૂપાન્તરણ માટે પાત્રપાત્રની ગરજ સારતી, ગંગાના ધોધમાર પ્રવાહની માફક ભવ્ય જીવોના પરમ કલ્યાણ માટે સતત વહેતી જ હોય છે હા, કોઈ વટેમાર્ગુ તે નિર્જન વનના માર્ગમાંથી પસાર થઇ જાય અને સહજ પ્રાપ્ત સુગન્ધને ઉપલબ્ધ થાય તો તે વાત જુદી છે પરંતુ ફૂલ તે માટે એકાન્ત નિરપેક્ષ અને નિષ્કિંચન હોય છે. પોતાની સૌરભનો લાભ જતા આવતા પથિકો લે એવી કશી જ આશા કે સ્પૃહા તે સેવતાં નથી

રૂપે સત્યના સંશોધનની, પરમાત્મભાવને પ્રગટાવવાની, આપણી વિરાટની દિશા તરફની પરમ-યાત્રામાં ઉપકારક બને, આપણામાં પરમ ચેતન્ય, પરમ સંગીત, પરમ નૃત્ય અને પરમ આનંદને અભિવ્યકત કરવા માટેના ધ્રુવતારક બને એ જ શાસ્ત્રોની મહર્ઘતા અને ઉપયોગિતા છે.

પ્રસ્તુત સૂત્રના ગુજરાતી ભાષામાં અનુવાદ અને સમ્પાદનના કીમતી કાર્યના સંબંધમાં પણ બે શબ્દોનો ઉલ્લેખ અનિવાર્યતઃ અપેક્ષિત છે. તદનુસાર આ ગંભીર શાસ્ત્રનું અનુવાદકાર્ય શ્રમણી વિદ્યાપીઠના શાંત, દાંત, ગંભીર, પ્રકૃતિતઃ સરળ અને સાત્ત્વિક વૃત્તિના પ્રતિમૂર્તિઓ સમા, યશસ્વી સાધ્વીજીઓ બા બ્ર શ્રી પ્રાણકુંવર બાઇ તથા શ્રી ઉષા બાઇ મહાસતીજીના ભારે શ્રમને આભારી છે.

પૂ. મહાસતીજી શ્રી જૈન વિદ્યાલય, વઢિયા અને શ્રમણી વિદ્યાપીઠ, ઘાટકોપર એમ બન્ને સુપ્રસિદ્ધ સંસ્થાના વર્ષો સુધી વિદ્યાર્થી રહ્યા છે. સદ્ભાગ્યે બન્ને સંસ્થા સાથેનો મારો પણ અદ્યા-વધિ અધ્યયન-અધ્યાપન સંબંધેનો સન્નિકટ વર્તી સંબંધ રહ્યા કર્યો છે. દોઢ વર્ષથી હું હૃદય-રોગથી આક્રાન્ત છું. કાર્યક્ષમતા તે કારણે સારા પરિમાણમાં ઘટી જવા પામી છે. પરિણામે સંપૂર્ણ નિવૃત્તિ (કાર્ય-સંન્યાસ) સ્વીકારેલ છે. આમ છતાં આ સંસ્થાઓ સાથેની આત્મીયતામાં ઓટ આવવા પામી નથી. તેના મૂળમાં સંસ્થાના તેજસ્વી વિદ્યાર્થીઓ, સચાલકો, નિયામકો અને સહકાર્યકરોની હાર્દિક મમતા અને પક્ષપાતભરી લાગણી જ સમાયેલી છે

આ સૂત્રની ભૂમિકા (પ્રાક્-કથન) લખતા પૂર્વે આખા અનુવાદને સાંગોપાંગ જોઇ જવાની મારી નૈતિક ફરજ હું બરાબર સમજતો હતો પરંતુ હૃદય વધારે શ્રમ ખમી શકવાની કાર્યક્ષમતા ધરાવતું નથી. પરિણામે ઉપર્યુકત નૈતિક કર્તવ્ય અને જવાબદારીની લક્ષ્મણ રેખાનું અતિક્રમણ મારાથી થઇ જવા પામ્યું છે છતાં મારું મન પરમ નિશ્ચિન્તતા અને પરમ સમાધિ જ અનુભવી રહ્યુ છે. કારણ સ્પષ્ટ જ છે કે આ અનુવાદનું ભગીરથ કાર્ય જેઓશ્રીના તત્ત્વાવધાનમાં થઇ રહ્યુ છે તે પ પ. શ્રી શોભાચદ્રજી મા મારા તો ગુરુસ્થાને છે જ; અખિલ સ્થા જૈન સમાજના પણ [illegible] વિદ્યાગુરુ છે એટલે જ જરા પણ અતિશયોક્તિ વગર હાર્દિક શ્રદ્ધાપૂર્વક જણાવી શકું છું કે સ્થા જૈન સમાજમાં જે કંઇ પણ પ્રતિભાના જ્યાં ત્યાં, જે તે રીને પ્રકીર્ણક દર્શન જો થતા હોય તે મોટા ભાગે તેના કેન્દ્રમાં સાક્ષાત્ અથવા પારંપરિક રીતે પણ પ્ર. પંડિત મા. શ્રી [illegible] ની મૂળભુત પ્રતિભાનું પ્રતિફલન માત્ર છે.

[illegible] પંડિત [illegible] ની જ્ઞાનોપાસના, સાધના, અધ્યાપનકળા, સ્વયભુ પ્રતિભા અને લેખન-કળા અદ્ભુત છે [illegible] મહદ્ અંશે તેઓશ્રી સર્વતંત્ર સ્વતંત્ર છે. તેમની છત્રછાયામાં અને [illegible] આ મગળ કાર્યનો શ્રીગણેશ કરેકને કરેક દશામા નિશ્ચિન્તતા તરફ જ [illegible] નથી

[illegible] તે માટેની તેઓશ્રીની ચીવટ, પ્રેમની ભૂલો કે ભાષાકીય [illegible] તેમની આશ્ચર્ય પમાડનારી સૂઝ અને આવડત, અને સાહિત્ય-[illegible] સુઘડ અને સ્વચ્છતાની જાળવણી માટેની કાળજી-એ બધા ગુણો [illegible] મહદ્ વધુ ગયેલા મુદ્રાલેખો છે, જેના મેં વર્ષો સુધી

સાથે કાર્ય કરતાં ડગલે અને પગલે દર્શન કર્યા છે એટલે જ ભૂમિકાલેખનનો રાજપથ સર્વથા નિષ્કંટક અને સરળ લાગ્યો.

ભૂમિકાલેખન માટે મારા જેવા અસ્વસ્થ, શારીરિક રીતે અક્ષમ તેમજ હૃદયરોગથી આક્રાન્ત થયા પછી અધ્યયન-અધ્યાપન કાર્યથી પણ એકાન્ત પરાઙ્મુખ વ્યક્તિની પસંદગીને પણ હું મારા માટેની તેઓશ્રીની અનુપમ કૃપા અને મમતાની દિવ્ય ભાવનાની મંગળપ્રસાદી જ માનું છુ.

શ્રમણી વિદ્યાપીઠના અભ્યાસી વિદ્યાર્થીઓ અભ્યાસની ગંભીર જવાબદારી સાથે શાસ્ત્રાનુવાદ જેવા ક્લિષ્ટતમ કાર્યોને પણ સરળતાપૂર્વક કરી શકવાની કાર્યક્ષમતા જન્માવે છે તે તેમના માટેના યશોગરિમાના ગૌરીશંકર સ્પર્શવા તુલ્ય તો છે જ, શ્રમણી વિદ્યાપીઠના ઈતિહાસમાં સોનેરી પૃષ્ઠનો ઉમેરો પણ છે

ગોંડલ સમ્પ્રદાય પણ સાધ્વીસમાજના આ લોકોત્તર કાર્યથી ગૌરવાન્વિત થયો છે. પૂ. તપ વીરાજના પરિવારે આથી અધ્યયનક્ષેત્રમાં પરમોચ્ચ શિખરને સર કર્યું છે.

આ સુંદર કાર્ય માટે બા બ્ર. પૂ પ્રાણકુંવરબાઈ અને બા. બ્ર. પૂ. ઉષાબાઈ સ્વામીને કોટિશ સાધુવાદ

શ્રી જૈન-વિદ્યાલય
વઢિયા (સૌરાષ્ટ્ર)
તા ૧-૧-૭૫, બુધવાર
ખ્રિસ્તી નૂતન વર્ષ

વિનયાવનત
પં. રોશનલાલ આર જૈન

અનુક્રમ

તૃતીય અધ્યયન – આહાર પરિજ્ઞા

અધ્યયન છઠ્ઠું – આર્દ્રકીય

અધ્યયન સાતમું – નાલંદીય

અધ્યયન ચોથું – પ્રત્યાખ્યાન ક્રિયા

સમર્પણ



સાહિત્ય-સંસારમાં પ્રથમ પગ મૂકવાની
પુણ્ય-વેલામાં આપના અસીમ-અનન્ત
ઉપકારો અને અનુગ્રહો અમારા સ્મૃતિ પટ
પર પ્રતિબિમ્બિત થઈ રહ્યા છે એ અનંત
ઉપકારો અને અનુગ્રહોના ગુરુતર ભારથી
મુક્ત થવાને નહિ, પણ એની માત્ર
સ્વીકૃતિ અને અભિવ્યક્તિ માટે
આ રચના આપના પાવન કર-
કમલોમાં સાદર સવિનય
સમર્પિત કરીએ છીએ



સંવત ૨૦૩૦

સૂયગડાંગ સૂત્ર

અધ્યયન પ્રથમ

સ્વ-પર-સમય

સમય શબ્દનો અર્થ સિદ્ધાંત છે પ્રસ્તુત અધ્યયનમાં સ્વ-જૈન સમયનું તેમજ પર-બીજા સમયોનુ વર્ણન છે.

પ્રસ્તુત અધ્યયનમાં જ્ઞાન અને ચારિત્રનું મહત્ત્વ પણ બતાવ્યુ છે માત્ર જ્ઞાનથી જ મુક્તિ નથી થતી તેમજ કેવળ ક્રિયાથી પણ મુક્તિ નથી થતી પરંતુ "ज्ञानक्रियाभ्याम् मोक्ष" જ્ઞાન અને ક્રિયા બન્નેથી મુક્તિ થાય છે. જ્ઞાન વિનાની ક્રિયા અંધા જેવી છે અને ક્રિયા વિનાનું જ્ઞાન પંગુ છે. માટે જ્ઞાન અને ક્રિયા બન્નેની જરૂર છે

પ્રસ્તુત અધ્યયનમાં પ્રથમ જ બતાવ્યું છે કે બંધનને જાણવું જરૂરી છે અને તોડવું પણ જરૂરી છે બંધનને જાણવુ શી રીતે? સમ્યક્જ્ઞાન હોય તો જ વસ્તુના યથાતથ્ય સ્વરૂપને જાણી શકાય છે જેને સમ્યક્જ્ઞાનનો અભાવ છે તેઓની માન્યતાઓ અસમીચીન થઇ જાય છે. જેમકે-

અદ્વૈતવાદી :- આત્મા સિવાય બીજુ કઈ છે જ નહી, તે અદ્વૈતવાદનું કથન છે.

પંચમહાભૂતવાદી :- પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ આ પાંચ મહાભૂત સિવાય કાંઈ છે જ નહીં. પાંચ મહાભૂતો મળવાથી ચેતના ઉત્પન્ન થાય છે અને તેઓના નષ્ટ થવાથી નષ્ટ થઈ જાય છે એ પાંચ ભૂતવાદીઓનું કથન છે.

તજ્જીવતચ્છરીરવાદી :- શરીર તે જ જીવ છે અને જીવ તે જ શરીર છે એવી તેની માન્યતા છે

અકારકવાદી :- આત્મા કાઇ કરતો નથી જે કાંઇ કરે છે તે બધુ પ્રકૃતિ જ કરે છે આત્મા માત્ર ભોક્તા છે એવી માન્યતા સાંખ્યમતવાદીઓની છે

આત્મષષ્ઠવાદી-પંચ મહાભૂતોથી અલગ છઠ્ઠા પદાર્થ તરીકે આત્માને માને છે

પંચસ્કંધવાદી :- વિજ્ઞાન, વેદના, સંજ્ઞા, સંસ્કાર અને રૂપ આ પાંચને જ માને છે તે આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ સ્વીકારતા નથી આ ઉપરાંત ક્રિયાવાદી, અક્રિયાવાદી અજ્ઞાનવાદી, વિનયવાદી નિયતિવાદી, ત્રૈરાશિક વગેરે એકાંતવાદી જ છે. મુક્તિ મેળવવા માટે આચારાંગ સૂત્રમાં કહ્યું છે, કે- "સંસારી જીવ છ રાશિઓમાં વિભક્ત છે. તે છ ઓની ઘાત કરવાથી કર્મનો બંધ થાય છે" આ બધું જાણવું જોઇએ. તેના માટે પ્રસ્તુત અધ્યયનની પ્રથમ ગાથાના પ્રથમ ચરણમાં કહ્યું છે- 'बुज्झिज्जत्ति तिउट्टिज्जा' પ્રથમ સમ્યક્ જ્ઞાનની જરૂર છે સમ્યક્ જ્ઞાન હોય તો જ બંધનને [illegible]

શકાય છે અને જે બંધનને જાણે છે તે જ બંધનને તોડે છે. જ્ઞાનાવરણીય વગેરે આઠ કર્મો બંધન છે અથવા મિથ્યાત્વ અવિરતિ વગેરે પાંચ હેતુઓ તેમજ આરંભ અને પરિગ્રહ વગેરે બંધન છે. તે બંધનને તોડવા માટે ચારિત્રની અવશ્ય જરૂર પડશે જ. 'अहं' અને 'मम' આ બે જ્યાં સુધી આત્મામાંથી નીકળે નહી ત્યાં સુધી જીવ ચારિત્રને ગ્રહણ કરી શકે નહીં. પરિગ્રહ દ્વેષનું ઘર છે, ધીરતાનો હ્રાસ કરે છે, ક્ષમાનો શત્રુ છે, ચિત્તવિક્ષેપનો મિત્ર છે, મદનું ઘર છે, ધ્યાનનો કષ્ટદાયી અરિ છે, દુઃખનો જન્મદાતા છે, સુખનો વિનાશક છે અને પાપનું ખાસ આવાસસ્થાન છે. પરિગ્રહ દુષ્ટ ગ્રહની જેમ ચતુર પુરુષને પણ ક્લેશ આપે છે અને તેના જીવનને નકામું કરી નાખે છે.

અપ્રાપ્ત પરિગ્રહને પ્રાપ્ત કરવાની જીવને ઇચ્છા થાય છે. પરિગ્રહ નાશ પામતા શોક થાય છે અને પ્રાપ્ત થયેલ પરિગ્રહની રક્ષા કરવામાં કષ્ટ વેઠવુ પડે છે તેથી પરિગ્રહ છે ત્યાં બંધન છે. પરિગ્રહમાં પરોવાયેલ પુરુષ પ્રાણીઓની ઘાત કરે છે. અસત્યનું સેવન કરે છે. અદત્તનું ગ્રહણ કરે છે, મૈથુનના પોષણમાં મલિન બને છે. માટે પરિગ્રહનો ત્યાગ કરે તે જ આત્મવિકાસ સાધી શકે

મમતા છે ત્યાં દુર્ગતિ છે અને સમતા છે ત્યાં સદ્‌ગતિ છે. મમતા છે ત્યાં સંસાર છે અને સમતા છે ત્યાં ચારિત્ર છે ચારિત્રશીલ શંકાના માર્ગે જાય નહીં. જેમ ચચળ મૃગ રક્ષાના માર્ગને છોડી શંકાના માર્ગે જાય છે તે પરિણામે બંધનમાં બધાઇ મરણને શરણ થાય છે તેમ ચારિત્ર વિનાનો પુરુષ પણ રક્ષાનો માર્ગ છોડી હિંસા વગેરેના માર્ગે જાય છે અને બધનમાં બંધાઇ જાય છે. આ બંધનને તોડવા માટે પુરુષાર્થ કરવામાં જ જીવનની પરમ સાર્થકતા છે.

ચારિત્રશીલ જીવનને ટકાવવા માટે ભ્રમરની જેમ શુદ્ધ, નિર્દોષ અને એષણિક ગોચરી કરે પણ વૈશાલિક માછલીની જેમ દૂષિત આહારમાં ગૃદ્ધ થાય નહીં. અને ઈચ્છા, તૃષ્ણા મોહ વગેરેનો નાશ કરે.

મનુષ્યભવને પ્રાપ્ત કરી બંધનને તોડવા માટે સંયમના સ્નેહી બની યમ – નિયમમાં રત રહે છે તે પાપથી રહિત બને છે અને સમસ્ત કર્મ–કલંકથી રહિત થાય છે.

પરસમયના દોષોને જાણી સ્વસમયના ગુણોને જે અપનાવે છે તે જ બંધનના સ્વરૂપને જાણી તેને તોડી શકે છે.

પ્રસ્તુત અધ્યયનમાં આ બધું જાણવા મળે છે.

ઉદ્દેશક પહેલું

સ્વ-સમય અને પર-સમય

१- बुज्झिज्जत्ति तिउट्टिज्जा,
बंधण परिजाणिया ।
किमाह बंधणं वीरो,
किं वा जाण तिउट्टई ? ।

૧- કેટલાક લોકો માત્ર જ્ઞાનથી અને કેટલાક લોકો માત્ર ક્રિયાથી મોક્ષ માને છે પણ જૈન સિદ્ધાંત પ્રમાણે જ્ઞાન અને ક્રિયા, બન્ને મોક્ષના કારણ છે. માટે ભગવાન ફરમાવે છે કે મનુષ્યે બોધ પ્રાપ્ત કરવો જોઈએ અને બંધનને જાણીને તોડવા જોઈએ સુધર્માસ્વામીને જંબૂ સ્વામી પુછે છે—વીર ભગવાને બંધન કોને કહેલ છે? અને શું જાણીને બંધન તોડવું જોઈએ?

२- चित्तमंतमचित्तं वा,
परिगिज्झ किसामवि ।
अण्णं वा अणुजाणाइ,
एवं दुक्खा ण मुच्चइ ।

૨- જે પુરુષ મનુષ્ય, પશુ આદિ સચિત્ત તથા વસ્ત્ર-આભૂષણ, મકાન આદિ અચિત્ત અથવા તૃણ વગેરે તુચ્છ વસ્તુનો સ્વલ્પ પણ પરિગ્રહ રાખે છે, તેમજ બીજાને પરિગ્રહ રાખવાની અનુજ્ઞા આપે છે તે પુરુષ દુઃખથી મુક્ત થતો નથી.

३- सयं तिवायए पाणे,
अदुवऽन्नेहि घायए ।
हणंतं वाऽणुजाणाइ,
वेरं वड्ढइ अप्पणो ।

૩-જે મનુષ્ય સ્વયં પ્રાણીઓનો ઘાત કરે છે, બીજા પાસે ઘાત કરાવે છે અથવા ઘાત કરનાર પુરુષને અનુમોદન આપે છે તે (મરનાર પ્રાણીઓ સાથે) પોતાનું વેર વધારે છે

४- जस्सिं कुले समुप्पन्ने,
जेहिं वा संवसे नरे ।
ममाइ लुप्पई बाले,
अण्णे अण्णेहिं मुच्छिए ।

૪-જે મનુષ્ય જે કુળમાં જન્મે છે અથવા જેની સાથે નિવાસ કરે છે તેની ઉપર "આ મારા છે' એવું મમત્વ કરીને લેપાય છે અને તેથી પીડાય છે એ અજ્ઞાની પુરુષ અન્ય અન્ય પદાર્થોમાં આસક્ત થતો જાય છે

५- वित्तं सोयरिया चेव,
सव्वमेयं न ताणइ ।
संखाए जीवियं चेवं,
कम्मुणा उ तिउट्टई ।

૫- (અચિત) ધન-દૌલત અને (સચિત) માતા-પિતા ભાઈ-બહેની વગેરે રક્ષણ કરતા નથી તથા જીવન પણ અલ્પ છે, એવું જાણીને જે પુરુષ આરંભ-પરિગ્રહનો ત્યાગ કરે છે તે કર્મબંધનથી મુક્ત થાય છે

६- एए गंथे विउक्कम्म,
एगे समणमाहणा ।
अयाणंता विउस्सित्ता,
सत्ता कामेहि माणवा ।

૬– આ અધ્યયનમાં સ્વ–સમયની વક્તવ્યતાની સાથે પર–સમયનું નિરૂપણ પણ સમાયેલું છે માટે અહીં સ્વ–સમયનું કથન કરીને હવે પર–સમયનું કથન કરે છે–કોઈ કોઇ શ્રમણ (શાક્ય આદિ ભિક્ષુ) અને બ્રાહ્મણ (બૃહસ્પતિના મતના અનુયાયી નાસ્તિક બ્રાહ્મણ) પરમાર્થને નહી જાણતા પોતાના સિદ્ધાંતોમાં અત્યંત બદ્ધ થયેલા અરિહંત ભાષિત શાસ્ત્રોનો ત્યાગ કરી, કામ ભોગોમાં આસક્ત થાય છે.

७- संति पंच महब्भूया,
इहमेगेसिमाहिया ।
पुढवी आउ तेऊ वा,
वाउ आगासपंचमा ।

૭– બૃહસ્પતિ મતના અનુયાયી ચાર્વાકનો મત આ છે કે–જગતમાં પૃથ્વી, પાણી, તેજ, વાયુ, અને આકાશ એ પાંચ મહાભૂત છે. (તેનાથી ભિન્ન આત્મા આદિ કોઇ પણ પદાર્થ નથી.)

८- एए पंच महब्भूया,
तेब्भो एगो त्ति आहिया ।
अह तेसिं विणासेणं,
विणासो होइ देहिणो ।

૮– આ પાંચ મહાભૂતો છે. તેઓનાં સંયોગથી એક (ચેતના) ઉત્પન્ન થાય છે, તે ભૂતોનો નાશ થતાં તેનાથી ઉત્પન્ન ચેતના પણ નાશ પામે છે. તાત્પર્ય આ છે કે ચાર્વાક મત અનુસાર પરલોકથી આવનાર, પરલોકમાં જનાર, સુખ–દુઃખને ભોગવનાર કોઈ જીવ નામનો સ્વતંત્ર પદાર્થ નથી. અહી પ્રશ્ન થાય છે કે જો જીવની સ્વતંત્ર સત્તા નથી તો પછી મૃત્યુ કોનું થાય ? તેના ઉત્તરમાં કહે છે–પાંચભૂતોનો નાશ થવાથી ચેતનાનો વિનાશ થાય છે. (ચાર્વાકની આ માન્યતાનું નિરાકરણ આગળ કરવામાં આવશે)

९- जहा य पुढवीथूभे,
एगे नाणा हि दीसइ ।
एवं भो ! कसिणे लोए,
विन्नू नाणा हि दीसइ ।

૯– (અદ્વૈતવાદી માને છે–) જે પ્રમાણે એક જ પૃથ્વી–સમૂહ (પૃથ્વી–પિંડ) નાના પ્રકારનો દેખાય છે, તે પ્રમાણે એક આત્મા સમસ્ત જગતરૂપ દેખાય છે.

१०- एवमेगे त्ति जप्पंति,
मन्दा आरम्भणिस्सिआ ।
एगे किच्चा सयं पावं,
तिव्वं दुक्खं नियच्छइ ।

૧૦– અહીં આત્માદ્વૈતવાદનુ નિરાકરણ કરે છે–કોઇ અજ્ઞાની પુરુષ કહે છે કે એક જ આત્મા છે, અનેક નથી પરંતુ આરંભમાં આસક્ત રહેનારા પાપ કર્મ કરીને પોતે જ દુઃખ ભોગવે છે, બીજો કોઇ ભોગવતો નથી

११- पत्तेयं कसिणे आया,
जे वाला जे अ पंडिया ।
संति पिच्चा न ते संति,
नत्थि सत्तोववाइया ।

૧૧– તજ્જીવ તચ્છરીરવાદીનું મન્તવ્ય—
પાંચ ભૂતોના સમુદાયથી આત્માની ઉત્પત્તિ થાય છે પ્રત્યેક શરીરમાં અલગ અલગ આત્મા છે. જગતમાં જે અજ્ઞાની છે અને જે જ્ઞાની છે તે અલગ અલગ છે. પરંતુ મૃત્યુ બાદ આત્માનું અસ્તિત્વ રહેતુ નથી માટે પરલોકમાં ઉત્પન્ન થનારો કોઈ નિત્ય પદાર્થ નથી

१२- नत्थि पुण्णे व पावे वा,
नत्थि लोए इतोऽवरे ।
सरीरस्स विणासेणं,
विणासो होइ देहिणो ।

૧૨– તજ્જીવ તચ્છરીરવાદીના મત પ્રમાણે પુણ્ય નથી પાપ નથી આ લોક સિવાય બીજો કોઇ લોક પણ નથી શરીરનો નાશ થતા દેહી (આત્મા) નો પણ વિનાશ થઈ જાય છે.

અક્રિયાવાદ–

१३- कुव्वं च कारयं चेव,
सव्वं कुव्वं न विज्जइ ।
एवं अकारओ अप्पा,
एवं ते उ पगब्भिया ।

૧૩– આત્મા સ્વયં ક્રિયા કરતો નથી તેમજ બીજા પાસે કરાવતો પણ નથી આ બધી ક્રિયાનો કરનાર આત્મા નથી આ પ્રમાણે આત્મા અકારક છે એવું અકારકવાદી (સાંખ્ય વગેરે) કહેવાની ધૃષ્ટતા કરે છે.

१४- जे ते उ वाइणो एवं,
लोए तेसि कओ सिया ।
तमाओ ते तमं जन्ति,
मंदा आरंभनिस्सिया ।

૧૪– જે લોકો આત્માને અકર્તા કહે છે તે વાદીઓના મતમાં આ ચતુર્ગતિરૂપ સંસાર કેવી રીતે થઈ શકે? વસ્તુતઃ તેઓ આરંભમાં આસક્ત છે. તે અજ્ઞાની એક અજ્ઞાન અંધકારમાંથી નીકળી બીજા અજ્ઞાન અંધકારમાં જાય છે. એટલે કે– ભૂતવાદના અજ્ઞાનથી અલગ થઈ અક્રિયાવાદના અજ્ઞાનમાં ફસાય છે. અને તમ (નરક)માં જાય છે.

આત્મષષ્ઠવાદી–

१५- संति पंच महब्भूया,
इहमेगेसि आहिया ।
आयछट्ठो पुणो आहु,
आया लोगे य सासए ।

૧૫– કેટલાક લોકો કહે છે કે આ લોકમાં પાંચ મહાભૂત અને છઠ્ઠો ચૈતન્યરૂપ આત્મા પણ છે આત્મા નિત્ય છે અને લોક પણ નિત્ય છે.

નિત્યવાદી–

१६- दुहओ ण विणस्संति,
नो य उप्पज्जए असं ।
सव्वे वि सव्वहा भावा,
नियत्तीभावमागया ।

૧૬– પાંચ મહાભૂત અને છઠ્ઠો આત્મા સહેતુક કે નિર્હેતુક– બંને પ્રકારે નાશ પામતા નથી અસત્ વસ્તુની ઉત્પત્તિ થતી નથી [illegible] સર્વદા નિત્ય છે

અફ્ફલવાદી–

१७- पंच खंधे वयंतेगे,
बाला उ खणजोइणो ।
अण्णो अणण्णो णेवाहु,
हेउयं च अहेउयं ।

૧૭– કેટલાક અજ્ઞાની કહે છે કે આ સંસારમા, કેવળ પાંચ સ્કંધ જ છે અને તે સર્વે ક્ષણમાત્ર સ્થિત રહેનારા છે. આ સ્કંધોથી ભિન્ન કે અભિન્ન ઉત્પન્ન થનાર આત્મા નામનો પૃથક્ પદાર્થ કોઇ છે જ નહી

ધાતુવાદ–

१८- पुढवी आऊ य तेऊ य,
तहा वाऊ य एगओ ।
चत्तारि धाउणो रूवं,
एवमाहंसु आवरे ।

૧૮– બીજા બૌદ્ધોનુ કથન છે, કે– પૃથ્વી, જળ, તેજ અને વાયુ; એ ચાર ધાતુઓથી સંસાર બનેલો છે. આ ચાર ધાતુઓથી ભિન્ન આત્મા પદાર્થ નથી (જો આત્મા નથી તો સુખ દુઃખ રૂપ ફળનું વેદન કેવી રીતે થાય ? વિજ્ઞાનસ્કંધ ક્ષણિક હોવાના કારણે સુખ દુઃખનો અનુભવ કરી શકતો નથી માટે આત્માની સ્વતંત્ર સત્તા સ્વીકાર કરવી તે જ ઉચિત છે

પર-સમયનો ઉપસંહાર–

१९- अगारमावसंता वि,
अरण्णा वावि पव्वया ।
इमं दरिसणमावण्णा,
सव्वदुक्खा विमुच्चई ।

૧૯– પૂર્વોક્ત સર્વે મતાવલંબી પોતપોતાના દર્શનને મુક્તિનું કારણ કહે છે ચાહે કોઇ ઘરમાં નિવાસ કરનાર ગૃહસ્થ હોય કે વનમાં રહેનાર તાપસ હોય કે પ્રવ્રજ્યા ધારણ કરેલ હોય; જે કોઇ અમારા આ દર્શનને અંગીકાર કરે છે તે સર્વે દુઃખોથી મુક્ત થઇ જાય છે.

२०- ते णावि संधिं णच्चा णं,
न ते धम्मविओ जणा ।
जे ते उ वाइणो एवं,
न ते ओहंतराऽऽहिया ।

૨૦– જ્ઞાનાવરણ આદિ કર્મોની સંધિને નહીં જાણનાર પંચભૂતવાદી દુઃખોથી મુક્ત થવાનો પ્રયત્ન કરે છે પરંતુ તે દશ પ્રકારના યતિધર્મને જાણતા નથી આ રીતે અફળવાદનુ સમર્થન કરનારા તે અન્ય દર્શનીઓ ઓઘ– સંસારનો પાર પામતા નથી

२१- ते णावि संधिं णच्चाणं,
न ते धम्मविओ जणा ।
जे ते उ वाइणो एवं,
न ते संसारपारगा ।

૨૧– પૂર્વોક્ત અન્ય તીર્થિકો સંધિને જાણ્યા-વિના જ ક્રિયામાં પ્રવૃત્ત રહે છે તેમજ તેઓ ધર્મને જાણતા નથી તેથી તે વાદીઓ સંસાર (જન્મ-મરણ) ને પાર કરી શકતા નથી

२२- ते णावि संधि णच्चाणं,
न ते धम्मविओ जणा ।
जे ते उ वाइणो एवं,
न ते गब्भस्स पारगा ।

૨૨– તે અન્ય તીર્થિકો સંધિને જાણ્યા વિનાજ ક્રિયામાં પ્રવૃત્ત રહે છે તેમજ તેઓ ધર્મને જાણતા નથી તેથી તે વાદીઓ ગર્ભનો પાર પામી શકતા નથી

२३- ते णावि संधि णच्चाणं,
न ते धम्मविओ जणा ।
जे ते उ वाइणो एवं,
न ते जम्मस्स पारगा ।

૨૩– પૂર્વોક્ત ચાર્વાક આદિ અન્ય તીર્થિકો સંધિને જાણ્યા વિનાજ ક્રિયામા પ્રવૃત્ત રહે છે તેમજ તેઓ ધર્મને જાણતા નથી તેથી તેઓ જન્મનો પાર પામી શકતા નથી

२४- ते णावि संधि णच्चाणं,
न ते धम्मविओ जणा ।
जे ते उ वाइणो एवं,
न ते दुक्खस्स पारगा ।

૨૪– તે અન્યતીર્થિકો સંધિને જાણ્યા વિના જ ક્રિયામાં પ્રવૃત્ત રહે છે તેમજ ધર્મને જાણતા નથી માટે મિથ્યા પ્રરૂપણા કરે છે અને તેઓ દુઃખનો પાર પામી શકતા નથી.

२५- ते णावि संधि णच्चाणं,
न ते धम्मविओ जणा ।
जे ते उ वाइणो एवं,
न ते मारस्स पारगा ।

૨૫– તે અન્યતીર્થિકો સંધિને જાણ્યા વિના જ ક્રિયામાં પ્રવૃત્ત રહે છે તેમજ ધર્મને જાણતા નથી માટે તેઓ મિથ્યા પ્રરૂપણા કરે છે અને મૃત્યુનો પાર પામી શકતા નથી

२६- नाणाविहाइं दुक्खाइं,
अणुहोंति पुणो पुणो ।
संसार-चक्कवालम्मि,
मच्चुवाहिजराकुले ।

૨૬– પૂર્વોક્ત મિથ્યા સિદ્ધાન્તની પ્રરૂપણા કરનાર વાદીઓ મૃત્યુ, વ્યાધિ તથા જરાથી પરિપૂર્ણ આ સંસાર-ચક્રમાં વારંવાર વિવિધ પ્રકારના દુઃખો ભોગવ્યા કરે છે.

२७- उच्चावयाणि गच्छंता,
गब्भमेस्संति णंतसो ।
नायपुत्ते महावीरे,
एवमाह जिणुत्तमे ।

॥ त्ति बेमि ॥

૨૭– જ્ઞાતપુત્ર જિનોત્તમ ભગવાન મહાવીર સ્વામીએ કહ્યું છે. કે પૂર્વોક્ત નાસ્તિક-આદિ (પોતાની મિથ્યા શ્રદ્ધા, મિથ્યા જ્ઞાન તથા મિથ્યા ચારિત્રના કારણે) ઊંચી નીચી ગતિઓમાં ભ્રમણ કરશે અને અનંતવાર (નિરંતર) ગર્ભવાસ પ્રાપ્ત કરશે.

શ્રી સુધર્મા સ્વામી જમ્બુસ્વામીને કહે છે– તીર્થંકર ભગવાનની આજ્ઞાથી આ કહું છું. મારી બુદ્ધિથી નહીં.

ઉદ્દેશક બીજો

પરસમય—સિદ્ધાંત

નિયતિવાદી—

१- आघायं पुण एगेसिं,
उववण्णा पुढो जिया ।
वेदयंति सुहं दुक्खं,
अदुवा लुप्पंति ठाणउ ।

૧- વળી કોઈ એમ કહે છે કે જીવ પૃથક્ પૃથક્ છે, આ યુક્તિથી સિદ્ધ થાય છે. તેઓ પૃથક્ પૃથક જ સુખ દુઃખ ભોગવે છે અને અલગ અલગ જ એક સ્થાનથી બીજા સ્થાન પર જાય છે અર્થાત્ જન્મ મરણ કરે છે.

२- न तं सयं कडं दुक्खं,
कओ अन्नकडं च णं ।
सुहं वा जइ वा दुक्खं,
सेहियं वा असेहियं ।

૨- જગતના જીવો જે સુખ અને દુઃખ ભોગવે છે તે તેના પોતાના કરેલા નથી અને અન્ય ઈશ્વર આદિ દ્વારા કરેલા પણ નથી. પરંતુ સ્વભાવથી જ છે. સ્વયકૃત હોય તો સમાન રૂપથી પુરુષાર્થ કરનારને સમાન જ સુખ દુઃખ મળવા જોઇએ પરંતુ તેવું તો બનતું નથી. આ રીતે ઈશ્વર, કાળ, સ્વભાવ આદિ દ્વારા સુખ દુઃખની ઉત્પત્તિ સિદ્ધ થતી નથી. માટે સૈદ્ધિક (સિદ્ધિથી ઉત્પન્ન) અસૈદ્ધિક (અસિદ્ધિથી ઉત્પન્ન) સુખ અને દુઃખ સ્વયંકૃત નથી તેમજ અન્યકૃત પણ નથી.

३- सयं कडं न अण्णेहिं,
वेदयंति पुढो जिया ।
संगइअं तं तहा तेसिं,
इहमेगेसि आहिअं ।

૩- પૃથક્ પૃથક્ જીવ સુખ દુઃખનું વેદન કરે છે તે સ્વયંકૃત નથી તેમજ અન્યકૃત પણ નથી. જીવોના સુખ દુઃખ નિયતિ દ્વારા ઉત્પન્ન થાય છે. આ નિયતિવાદીઓનું કથન છે.

४- एवमेयाणि जंपंता,
बाला पंडिअमाणिणो ।
निययानिययं संतं,
अयाणंता अबुद्धिया ।

૪- આ પ્રમાણે કહેનારા નિયતિવાદી અજ્ઞાની હોવા છતાં પણ પોતાને પંડિત માને છે. સુખ દુઃખ નિયત અને અનિયત એમ બન્ને પ્રકારે હોય છે, પરંતુ બુદ્ધિહીન નિયતિવાદી આ જાણતા નથી

५- एवमेगे उ पासत्था,
ते भुज्जो विप्पगब्भिया ।
एवं उवट्ठिआ संता,
ण ते दुक्खविमोक्खया ।

૫- નિયતિને જ સુખ દુઃખના કર્તા માનનારા પાર્શ્વસ્થ (નિયતિવાદી) એક માત્ર નિયતિને જ કર્તા બનાવવાની ધૃષ્ટતા કરે છે. તેઓ પોતાના સિદ્ધાંતાનુસાર પારલૌકિક ક્રિયામાં પ્રવૃત્ત થવા છતાં પણ દુઃખથી મુક્ત થવામાં સમર્થ નથી.

६- जविणो मिगा जहा संता,
परिताणेण वज्जिआ ।
असंकियाइं संकंति,
संकियाइं असंकिणो ।

७- परियाणिआणि संकंता,
पासिताणि असंकिणो ।
अण्णाणभयसंविग्गा,
संपलिंति तहिं तहिं ।

८- अह तं पवेज्ज वज्झं,
अहे वज्झस्स वा वए ।
मुच्चेज्ज पयपासाओ,
तं तु मंदे ण देहए ।

અજ્ઞાનવાદીના મતનું ખંડન–

૬–૭–૮– જેવી રીતે ત્રાણહીન ચંચળ મૃગ શંકાના અયોગ્ય સ્થાનમાં શંકા કરે છે અને શંકાયુક્ત સ્થાનમાં શંકા કરતા નથી, તે પ્રમાણે રક્ષિત સ્થાનમાં શંકિત અને પાશના સ્થાનમાં નિઃશંક, અજ્ઞાન અને ભયથી ઉદ્વિગ્ન થયેલ તે મૃગ પાશયુક્ત સ્થાનમાં જ જઈને ફસાય છે તે સમયે તે મૃગ કૂદીને તે બંધનને ઉલ્લંઘી જાય અથવા તે બંધનથી નીચે થઈને નીકળી જાય તો તે બંધનથી બચી શકે, પરંતુ તે મૂર્ખ મૃગ તે જાણી શકતા નથી.

તાત્પર્ય એ છે કે જેમ મૃગ અજ્ઞાનના કારણે રક્ષિત સ્થાનને તથા શંકિત સ્થાનને જાણી શકતા નથી તેમ અજ્ઞાનવાદી રક્ષાસ્થાન રૂપ અનેકાંતવાદનો ત્યાગ કરી બંધનના સ્થાનરૂપ એકાંતવાદનું શરણ લે છે તેથી દુઃખી થાય છે. તે હવે બતાવે છે.

९- अहिअप्पाऽहियपण्णाणे,
विसमंतेणुवागते ।
स बद्धे पयपासेणं,
तत्थ घायं नियच्छइ ।

૯– તે મૃગ પોતાનુ અહિત કરનાર છે અને અહિત પ્રજ્ઞાનો ધારક છે તેથી તે વિષમ બંધનવાળા સ્થળે જઈને ત્યાં વિનાશને પ્રાપ્ત થાય છે

१०- एवं तु समणा एगे,
मिच्छदिट्ठी अणारिआ ।
असंकियाइं संकंति,
संकियाइं असंकिणो ।

૧૦– તે પ્રમાણે મિથ્યાદૃષ્ટિ અનાર્ય કોઈ કોઈ શ્રમણ શંકારહિત અનુષ્ઠાનોમાં શંકા કરે છે અને શંકા યોગ્ય અનુષ્ઠાનોમાં શંકા કરતા નથી

११- धम्मपण्णवणा जा सा,
तं तु संकंति मूढगा ।
आरंभाइं न संकंति,
अवियत्ता अकोविया ।

૧૧– તે મૂઢ, વિવેકરહિત તથા શાસ્ત્રજ્ઞાનથી રહિત અજ્ઞાનવાદી આદિ અન્યતીર્થી દશ પ્રકારના ક્ષમા વગેરે ધર્મોની સાચી પ્રરૂપણામાં શંકા કરે છે, પરંતુ પાપના કારણરૂપ આરંભોમાં શંકા કરતા નથી

१२- सव्वप्पगं विउक्कस्सं,
सव्वं णूमं विहूणिआ ।
अप्पत्तिअं अकम्मंसे,
एयमट्ठं मिगे चुए ।

૧૨– સમસ્ત લોભ, માન, માયા અને ક્રોધનો નાશ કરીને જીવ કર્મરહિત થાય છે પરંતુ મૃગ સમાન અજ્ઞાની જીવ આ વાતને [illegible] નહીં [illegible] આદિનો ત્યાગ કરતા નથી

१३- जे एयं नाभिजाणंति,
मिच्छदिट्ठी अणारिया ।
मिगा वा पासबद्धा ते,
घायमेसंति णंतसो ।

૧૩– જે મિથ્યાદષ્ટિ અનાર્યો આ અર્થને જાણતા નથી, તેઓ પાશબદ્ધ મૃગની પેઠે અનંતવાર ઘાતને પ્રાપ્ત થશે.

१४- माहणा समणा एगे,
सव्वे नाणं सयं वए ।
सव्वलोगे वि जे पाणा,
न ते जाणंति किंचण ।

૧૪– (અજ્ઞાનવાદી કહે છે) કોઈ બ્રાહ્મણ અને શાકયાદિ શ્રમણ એ બધા પોતપોતાનું જ્ઞાન બતાવે છે, પરંતુ સમસ્ત લોકમાં જે પ્રાણીઓ છે તેઓને કાંઈ પણ તેઓ જાણતા નથી.

१५- मिलक्खू अमिलक्खुस्स,
जहा वुत्ताणुभासए ।
ण हेउं से विजाणाइ,
भासिअं तऽणुभासए ।

૧૫– જેમ કોઈ આર્ય ભાષાનો અજાણ મ્લેચ્છ પુરુષ આર્ય પુરુષના કથનનો અનુવાદ કરે છે, પરંતુ તે તે ભાષાનો હેતુ સમજતો નથી માત્ર ભાષણનો અનુવાદ જ કરે છે.

१६- एवमन्नाणिया नाणं,
वयंता वि सयं सयं ।
निच्छयत्थं न याणंति,
मिलक्खुव्व अबोहिया ।

૧૬– તે પ્રમાણે જ્ઞાનહીન બ્રાહ્મણ અને શ્રમણ પોત-પોતાનું જ્ઞાન કહેતા હોવા છતાં પણ નિશ્ચિત અર્થને જાણતા નથી. તેઓ પૂર્વોક્ત મ્લેચ્છની જેમ અજ્ઞાની છે.

१७- अन्नाणियाणं वीमंसा,
अण्णाणे ण विनियच्छइ ।
अप्पणो य परं नालं,
कुतो अन्नाणुसासिउं ।

૧૭– "અજ્ઞાન જ શ્રેષ્ઠ છે" તે નિર્ણયાત્મક વિચાર અજ્ઞાન પક્ષમાં સંગત થઈ શકતો નથી. અજ્ઞાનવાદી પોતાને પણ શિક્ષા દેવામાં સમર્થ નથી તો પછી બીજાને શિક્ષા કેવી રીતે આપી શકે ?

१८- वणे मूढे जहा जन्तू,
मूढे णेयाणुगामिए ।
दो वि एए अकोविया,
तिव्वं सोयं नियच्छइ ।

૧૮– દૃષ્ટાંત દ્વારા અજ્ઞાનવાદનું નિરાકરણ કરતા શાસ્ત્રકાર કહે છે કે-જેમ વનમાં દિશામૂઢ કોઈ મનુષ્ય બીજા દિશામૂઢ મનુષ્યની પાછળ પાછળ ચાલે છે તેઓ બન્ને રસ્તો નહિ જાણવાથી તીવ્ર દુઃખ પામે છે

१९- अंधो अंधं पहं णितो,
दूरमद्धाणुगच्छइ ।
आवज्जे उप्पहं जंतू,
अदुवा पंथाणुगामिए ।

૧૯– જે પોતે આંધળો છે તે બીજા અંધને રસ્તામાં લઈ જતાં જ્યાં જવાનું છે ત્યાંથી દૂર ચાલ્યો જાય છે અથવા ઊલટે માર્ગે ચાલ્યો જાય છે અથવા તો ઉન્માર્ગ પકડી લે છે પરંતુ સાચા માર્ગે તે ચાલી શકતો નથી.

२०- एवमेगे णियायट्ठी,
धम्ममाराहगा वयं ।
अदुवा अहम्ममावज्जे,
ण ते सव्वज्जुयं वए ।

૨૦– તે પ્રમાણે કોઈ મોક્ષાર્થીઓ કહે છે-અમે ધર્મારાધક છીએ, પરંતુ તેઓ અધર્મનું જ આચરણ કરે છે, તેઓ સરળ સંયમ માર્ગને અંગીકાર કરી શકતા નથી.

२१- एवमेगे वियक्काहि,
नो अन्नं पज्जुवासिया ।
अप्पणो य वियक्काहि,
अयमंजू हि दुम्मई ।

૨૧– કોઈ કોઇ દુર્બુદ્ધિ જીવો પૂર્વોકત વિકલ્પોને લઈને જ્ઞાનીની સેવા કરતા નથી. તેઓ પોતાના વિકલ્પોને લઈને "આ અજ્ઞાનવાદ જ સરળ માર્ગ છે" એમ માને છે.

२२- एव तक्काइ साहिता,
धम्माधम्मे अकोविया ।
दुक्ख ते नाइतुट्टंति,
सउणी पंजरं जहा ।

૨૨– આ પ્રમાણે તર્ક દ્વારા પોતાના મતને મોક્ષપ્રદ સિદ્ધ કરતાં ધર્મ અને અધર્મને નહિ જાણનાર અજ્ઞાનવાદીઓ જે પ્રમાણે પક્ષી પીંજરાને તોડી બહાર નીકળી શકતું નથી, તે પ્રમાણે પોતાના દુઃખને દૂર કરી શકતા નથી

२३- सयं सय पससता,
गरहता पर वयं ।
जे उ तत्थ विउस्सति,
ससार, ते विउस्सिया ।

૨૩– પોત પોતાના મતની પ્રશંસા અને બીજાના વચનોની નિંદા કરતાં જે અન્ય તીર્થીઓ પોતાનુ પાંડિત્ય દેખાડે છે, તેઓ સંસારમાં જ ભ્રમણ કરે છે

२४- अहावर पुरक्खायं,
किरियावाइदरिसण ।
कम्मचिन्तापणट्ठाण,
ससारस्स पवड्ढणं ।

૨૪– હવે બીજું દર્શન ક્રિયાવાદીઓનુ છે કર્મની ચિન્તાથી રહિત તે ક્રિયાવાદીઓનું દર્શન સંસાર વધારનાર છે

२५- जाण [illegible]ट्टी,
[illegible] हिंसति ।
पुट्ठो [illegible] पर,
[illegible] ।

२६- संतिमे तउ आयाणा,
जेहिं कीरइ पावगं ।
अभिकम्माय पेसाय,
मणसा अणुजाणिया ।

૨૬-- ક્રિયાવાદીઓના મત અનુસાર કર્મબંધના ત્રણ કારણ છે જેનાથી પાપકર્મોનો ઉપચય થાય છે: (૧) કોઇ પ્રાણીને મારવા માટે તેના પર આક્રમણ કરવું (૨) બીજાને આદેશ દઇને પ્રાણીની ઘાત કરાવવી (૩) અને પ્રાણીની ઘાત કરનારની મનથી અનુમોદના કરવી.

२७- एते उ तउ आयाणा,
जेहिं कीरइ पावगं ।
एवं भावविसोहीए,
निव्वाणमभिगच्छइ ।

૨૭-- એ ત્રણ આદાન છે, જેની દ્વારા પાપ કર્મ કરવામાં આવે છે, પરંતુ જ્યાં ભાવની વિશુદ્ધિ છે. (અર્થાત્ એ ત્રણ નથી) ત્યાં કર્મબંધ થતો નથી, અને મોક્ષની પ્રાપ્તિ થાય છે

२८- पुत्तं पिया समारब्भ,
आहारेज्ज असंजए ।
भुंजमाणो य मेहावी,
कम्मणा नोवलिप्पइ ।

૨૮-- જેવી રીતે અસંયમી પિતા વિપત્તિવેળાએ પોતાના પુત્રને મારીને રાગદ્વેષ રહિત થઇ તેનુ માંસ ખાય તો પણ કર્મથી લિપ્ત થતો નથી, તે પ્રમાણે રાગદ્વેષ રહિત સ્થિતપ્રજ્ઞ સાધુ માંસ ખાવા છતાં પણ કર્મથી લિપ્ત બનતા નથી.

२९- मणसा जे पउस्संति,
चित्तं तेसिं ण विज्जइ ।
अणवज्जमतहं तेसिं,
ण ते संवुडचारिणो ।

૨૯-- અન્યતીર્થિઓનું ઉપર્યુક્ત કથન યોગ્ય નથી, કારણ કે જે મનથી રાગદ્વેષ કરે છે, તેનું મન શુદ્ધ નથી હોતુ અને અશુદ્ધ મનવાળા સંવરમા પ્રવૃત્તિ કરનાર ન હોય. તેથી તેનું આ કથન મિથ્યા છે કે કેવળ મનથી પાપ કરનારને કર્મ બંધ થતો નથી વાસ્તવિક રીતે મન કર્મબંધનનું પ્રધાન કારણ છે.

३०- इच्चेयाहि य दिट्ठीहिं,
सातागारवणिस्सिया ।
सरणंति मन्नमाणा,
सेवंति पावगं जणा ।

૩૦-- પૂર્વોક્ત અન્યદર્શનીઓ પોતાના આ દર્શનને સ્વીકાર કરી સુખભોગ અને માન-મોટાઇમાં આસક્ત થઇ રહ્યા છે તથા પોતાના દર્શનને રક્ષણકર્તા માની પાપકર્મનું સેવન કરે છે.

३१- जहा अस्साविणिं नावं,
जाइअंधो दुरुहिया ।
इच्छई पारमागंतुं,
अंतरा य विसीयइ ।

૩૧-- જેમ કોઈ જન્માંધ પુરુષ છિદ્રવાળી નૌકા-પર આરૂઢ થઈને પાર જવા ઇચ્છે છે, પરંતુ તે વચમાં જ ડૂબી જાય છે

३२- एवं तु समणा एगे,
मिच्छदिट्ठी अणारिया ।
संसारपारकंखी ते,
संसारं अणुपरियट्टंति । ।त्तिबेमि ।

૩૨-- તે જ પ્રમાણે શાક્યાદિ કેટલાક મિથ્યાદૃષ્ટિ અને અનાર્ય શ્રમણ સંસારને પાર કરવાની ઈચ્છા કરે છે, પરતુ તે સસારમાં જ પરિભ્રમણ કરે છે. એમ હું કહું છુ.



ઉદ્દેશક ત્રીજો

આધા કર્મોપભોગફળ

१- जं किंचि उ पूइकडं,
सड्ढी आगंतुमीहियं ।
सहस्संतरियं भुंजे,
दुपक्खं चेव सेवइ ।

२- तमेव अवियाणंता,
विसमंसि अकोविया ।
मच्छा वेसालिया चेव,
उदगस्सऽभियागमे ।

३- उदगस्स पभावेण,
सुक्कंसि घातमिंति उ ।
ढंकेहि य कंकेहि य,
आमिसत्थेहि ते दुही ।

४- एवं तु समणा एगे,
वट्टमाणसुहेसिणो ।
मच्छा वेसालिया चेव,
घातमेस्संति णंतसो ।

५- इणमन्नं तु अन्नाणं,
इहमेगेसिमाहियं ।
देवउत्ते अयं लोए,
बभउत्ते त्ति आवरे ।

६- ईसरेण कडे लोए,
पहाणाइ तहावरे ।
जीवाजीवसमाउत्ते,
सुहदुक्खसमन्निए ।

७- सयंभुणा कडे लोए,
इति वुत्तं महेसिणा ।
मारेण संथुया माया,
तेण लोए असासए ।

૧– આધાકર્મી આહાર [illegible]
યુક્ત તથા શ્રદ્ધાળુ ગૃહસ્થે [illegible]
બનાવેલો આહાર જે [illegible]
પણ લાવીને ખાય છે [illegible]
એમ બન્ને પક્ષોનું [illegible]

૨-૩– જે પ્રમાણે [illegible]
પ્રભાવથી સૂકા [illegible]
વૈશાલિક જાતની [illegible]
પક્ષીઓથી દુઃખી [illegible]
આહારના દોષને [illegible]
અથવા અષ્ટવિધ [illegible]
આધાકર્મી આહાર [illegible]
દુઃખી થાય છે

૪– તે પ્રમાણે [illegible]
કરનાર કોઇ [illegible]
મત્સ્યની જેમ [illegible]
કરશે

ઉદ્દેશક ચોથો

१- एते जिया भो! न सरणं,
बाला पंडियमाणिणो ।
हिच्चा णं पुव्वसंजोगं,
सिया किच्चोवएसगा ।

૧– હે શિષ્યો તે અન્ય દર્શનીઓ રાગ દ્વેષથી પરાજિત થયેલા છે પરંતુ પોતાને જ્ઞાની માને છે તેથી તેઓ સંસાર (જન્મ-મરણ) થી રક્ષા કરવા અસમર્થ છે. તે બન્ધુ-બાન્ધવ, પિતા-પુત્ર આદિના સંયોગનો ત્યાગ કરીને પણ પચન-પાચન આદિ ગૃહસ્થના કર્તવ્યનો ઉપદેશ આપે છે.

२- तं च भिक्खू परिन्नाय,
वियं तेसु न मुच्छए ।
अणुक्कसे अप्पलीणे,
मज्झेण मुणि जावए ।

૨- વિદ્વાન્ સંયમી સાધુ તે અન્યતીર્થિકોને સારી રીતે જાણીને તેની સાથે પરિચય ન કરે કદાચિત્ સંસર્ગ થઈ જાય તો કોઇ પણ પ્રકારનું અભિમાન ન કરતા, કોઇના પ્રતિ આસક્તિ ન રાખતા રાગ દ્વેષથી રહિત થઇને મધ્યસ્થભાવથી વિચરે.

३- सपरिग्गहा य सारंभा,
इहमेगेसिमाहियं ।
अपरिग्गहा अणारंभा,
भिक्खू ताणं परिव्वए ।

૩- કોઈ અન્યતીર્થી કહે છે કે- પરિગ્રહ રાખનાર અને આરંભ કરનાર પણ મોક્ષ મેળવે છે પરંતુ ભાવભિક્ષુ પરિગ્રહ રહિત અને અનારંભી પુરુષને શરણે જાય

४- कडेसु घासमेसेज्जा,
विऊ दत्तेसणं चरे ।
अगिद्धो विप्पमुक्को य,
ओमाणं परिवज्जए ।

૪- વિદ્વાન્ સાધુ બીજાએ બીજાને માટે બનાવેલા આહારની ગવેષણા કરે, આપેલા આહારને જ લેવાની ઈચ્છા કરે, તે આહારમાં પણ મૂર્છા અને રાગદ્વેષ ન કરે, તેમજ બીજાનું અપમાન પણ ન કરે

લોકવાદ–

५- लोगवायं णिसामिज्जा,
इहमेगेसिमाहियं ।
विवरीयपण्णसंभूयं,
अन्नउत्तं तयाणुयं ।

૫– કોઇ કહે છે કે–લોકવાદ (પૌરાણિકવાદ અથવા લોકપ્રચલિત નિરાધાર માન્યતાઓ) ને સાંભળવો જોઇએ પરંતુ લોકવાદ વિપરીત બુદ્ધિથી ઉત્પન્ન થયેલ છે અને તેમાં બીજા અવિવેકીઓની વાતનુ અનુસરણ છે.

६- अणंते निइए लोए,
सासए ण विणस्सइ ।
अंतवं निइए लोए,
इति धीरोऽतिपासइ ।

૬– લોકવાદીઓનું નિરૂપણ આ પ્રમાણે છે- આ લોક અનંત છે. આ ભવમાં જે જેવો છે તેવો જ પરભવમાં ઉત્પન્ન થાય છે પુરુષ મરીને ફરી પુરુષ જ થાય છે. સ્ત્રી મરીને સ્ત્રી જ થાય છે આ લોક શાશ્વત છે, તેનો કદી નાશ થતો નથી, અથવા આ લોક અંતવાન છે–સાત દ્વીપ સમુદ્ર પર્યંત છે એમ વ્યાસ આદિ ધીર પુરુષોએ કહ્યુ છે.

७- अपरिमाणं वियाणाइ,
इहमेगेसिमाहियं ।
सव्वत्थ सपरिमाणं,
इति धीरोऽतिपासइ ।

(૭) કોઇ કહે છે કે– ક્ષેત્ર તેમજ કાળ સંબંધી સીમાથી રહિત અર્થાત્ અપરિમિત પદાર્થોના જ્ઞાતા તો હોય છે, પરંતુ સર્વજ્ઞ કોઇ નથી. સર્વત્ર પરિમિત પદાર્થોને જાણનાર પુરુષ હોય છે. એવું ધીર પુરુષ જુએ છે

८- जे केइ तसा पाणा,
चिट्ठंति अदु थावरा ।
परियाए अत्थि से अञ्जू,
जेण ते तसथावरा ।

(૮) શાસ્ત્રકાર ઉત્તર આપે છે- આ લોકમાં જેટલા ત્રસ અને સ્થાવર પ્રાણીઓ છે તેઓ અવશ્ય અન્યાન્ય પર્યાયમાં જાય છે, ત્રસજીવ મરીને સ્થાવર થાય છે અને સ્થાવર મરીને ત્રસ થાય છે. (જે જીવ જે યોનિમા હોય તેજ યોનિમાં સદા ઉત્પન્ન થાય એમ. જો કહો તો દાન, અધ્યયન ધ્યાન તપ નિયમ, યમ આદિ સર્વ નિષ્ફળ થશે)

९- उरालं जगतो जोगं,
विवज्जासं पलिंति य ।
सव्वे अक्कंतदुक्खा य,
अओ सव्वे अहिंसिया ।

(૯) ઔદારિક શરીરવાળા પ્રાણી સર્વ. [illegible] તેમજ [illegible] રૂપ અવસ્થાઓથી ભિન્ન બાળક કુમાર, તરુણ આદિ અવસ્થાને પ્રાપ્ત કરે છે માટે લોકવાદીઓનું કથન સત્ય નથી. દરેક પ્રાણીઓને દુઃખ અપ્રિય છે તેથી કોઇ પણ પ્રાણીની હિંસા કરવી જોઇએ નહીં

પ્રથમ ઉદ્દેશક

१- संबुज्झह किं न बुज्झहं,
संबोही खलु पेच्च दुल्लहा ।
णो हूवणमंति राइओ,
नो सुलभं पुणरावि जीवियं ।

(૧) ભરત ચક્રવર્તીદ્વારા તિરસ્કૃત, ભગવાન ઋષભદેવના ૯૮ પુત્રો ફરિયાદ કરવા ભગવાન પાસે ગયા, ત્યારે ભગવાને તેઓને જે બોધ આપ્યો તેનો ઉલ્લેખ કરેલ છે–

હે ભવ્યો! તમે સમ્યગ્બોધ પ્રાપ્ત કરો બોધ કેમ પ્રાપ્ત કરતા નથી? મૃત્યુ પછી જ્ઞાન પ્રાપ્ત થવું દુર્લભ છે. વીતી ગયેલી રાત્રિઓ પાછી આવતી નથી, અને સંયમી જીવન ફરીથી મળવું સુલભ નથી

જીવનની અનિત્યતા

२- डहरा बुड्ढा य पासह,
गब्भत्था वि चयंति माणवा ।
सेणे जह वट्टयं हरे,
एवं आउखयंमि तुट्टइ ।

(૨) ભગવાન્ આદિનાથ પોતાના પુત્રોને કહે છે- જુઓ, જેમ બાજ પક્ષી તિત્તર પક્ષીને ઉપાડી જાય છે તેમ કાળ જીવને કોઇપણ અવસ્થામાં ઉંચકી લે છે. કેટલાક બાલ્યાવસ્થામાં મરી જાય છે, કેટલાક વૃદ્ધાવસ્થામાં મરી જાય છે, અરે કોઈ કોઇ તો ગર્ભાવસ્થામાંજ મરણને શરણ થાય છે.

३- मायाहि पियाहि लुप्पइ,
नो सुलहा सुगई य पेच्चओ ।
एयाइं भयाइं पेहिया,
आरंभा विरमेज्ज सुव्वए ।

(૩) કોઇ કોઇ મનુષ્ય માતા અને પિતા આદિના મોહમાં પડીને સંસારમાં ભ્રમણ કરે છે. તેવા જીવોને પરલોકમાં સુગતિ સુલભ નથી. માટે સુવ્રત પુરુષ આ ભયોને જોઇને આરંભથી નિવૃત્ત થઈ જાય.

४- जमिणं जगती पुढो जगा,
कम्मेहि लुप्पंति पाणिणो ।
सयमेव कडेहिं गाहइ,
णो तस्स मुच्चेज्जऽपुट्ठयं ।

(૪) સંસારમાં જુદા જુદા સ્થાનોમાં રહેલા પ્રાણીઓ પોતાના કરેલા કર્મનું ફળ ભોગવવા નરક વગેરે ગતિઓમાં જાય છે. પોતાના કર્મોનુ ફળ ભોગવ્યા વિના છૂટકારો થતો નથી

५- देवा गंधव्वरक्खसा,
असुरा भूमिचरा सरीसिवा ।
राया नरसेट्ठि माहणा,
ठाणा तेवि चयंति दुक्खिया ।

(૫) દેવતા, ગંધર્વ, રાક્ષસ, અસુર, ભૂમિચર ઉરગ (પેટવડે ચાલનારા) તિર્યંચ, રાજા, મનુષ્ય, શેઠ, બ્રાહ્મણ વગેરે સર્વ પ્રાણીઓ દુઃખી થઈને પ્રાણોનો ત્યાગ કરે છે.

६- कामेहि य संथवेहि गिद्धा,
कम्मसहा कालेण जंतवो ।
ताले जह बंधणच्चुए,
एवं आउक्खयंमि तुट्टइ ।

(૬) જેમ તાલવૃક્ષનું ફળ બંધન તૂટતાં નીચે પડી જાય છે તેમ કામભોગોમાં આસક્ત તથા પરિવારના પરિચયમા રત પ્રાણીઓ આયુષ્યનો અંત થવા પર મૃત્યુને પ્રાપ્ત કરે છે.

અન્યમાર્ગાસક્તિનું ફલ

७- जे यावि बहुस्सुए सिया,
धम्मियमाहणभिक्खुए सिया ।
अभिणूम कडेहि मुच्छिए,
तिव्वं ते कम्मेहि किच्चती ।

(૭) જે મનુષ્યો બહુશ્રુત હોય–શાસ્ત્રજ્ઞ હોય, તથા ધાર્મિક બ્રાહ્મણ અને ભિક્ષુ હોય, પરંતુ જો તે માયાકૃત અનુષ્ઠાનોમાં આસક્ત હોય તો તેઓ પોતાના કર્મોથી દુઃખી થાય છે

८- अह पास विवेगमुट्ठिए,
अवितिन्ने, इह भासई धुवं ।
णाहिसि आरं कओ परं,
वेहासे कम्मेहि किच्चई ।

(૮) હે શિષ્ય! જુઓ, કોઈ અન્યતીર્થી પરિગ્રહનો ત્યાગ કરીને દીક્ષા ધારણ કરે છે અને સંયમનું સારી રીતે પાલન કરી શકતા નથી તેવા લોકો મોક્ષની વાતો તો કરે છે પરંતુ મોક્ષ પ્રાપ્તિનો ઉપાય આચરતા નથી. તમે એવા પુરુષોનું શરણ લઈને આ ભવ તથા પરભવને કેમ જાણી શકશો? તે અન્ય દર્શનીઓ પોતાના કર્મોથી પીડાય છે- દુઃખી થાય છે

९- जइ वि य णगिणे किसे चरे,
जइ वि य भुंजिय मासमंतसो ।
जे इह मायाइ मिज्जइ,
आगंता गब्भाय णंतसो ।

(૯) ભલે કોઈ પુરુષ નગ્ન-પરિગ્રહરહિત થઈને વિચરે અથવા એક માસની દીર્ઘ તપસ્યા કરે. પરંતુ જો તે માયા આદિથી યુક્ત છે-કષાય યુક્ત છે તો અનંત કાળ સુધી ગર્ભવાસનાં દુઃખ ભોગવશે અર્થાત્ કષાયને ... વિના કષ્ટ ક્રિયા માત્રથી મુક્તિ મળતી નથી

१०- पुरिसो! रम पावकम्मुणा,
पलियंत मणुयाण जीविय ।
सन्ना इह काममुच्छिया,
मोहं जंति नरा असंवुडा ।

११- जयय विहराहि जोगवं,
अणुपाणा पंथा दुरुत्तरा ।
अणुसासणमेव पक्कमे,
वीरेहिं सम्मं पवेइय ।

१२- विरया वीरा समुट्ठिया,
कोहकायरियाइपीसणा ।
पाणे ण हणंति सव्वसो,
पावाओ विरयाऽभिनिव्वुडा ।

१३- णवि ता अहमेव लुप्पए,
लुप्पंति लोअंसि पाणिणो ।
एवं सहिएहिं पासए,
अणिहे से पुट्ठे अहियासए ।

(૧૩) વિવિધ પ્રકારના પરીષહ અને ઉપસર્ગ આવતાં બુદ્ધિમાન્ સાધુ એમ વિચાર કરે કે પરીષહોથી હું એકલો જ પીડાતો નથી, પરંતુ લોકમાં બીજા અનેક પ્રાણીઓ વ્યથા પામી રહ્યા છે. આવો વિચાર કરીને પરીષહ આવવા છતાં પણ ક્રોધાદિથી રહિત થઇ સમભાવે સહન કરે.

१४- धुणिया कुलियं व लेववं,
किसए देहमणसणाईहिं ।
अविहिंसामेव पव्वए,
अणुधम्मो मुणिणा पवेइओ ।

(૧૪) લેપ કરેલી ભીંતનો લેપ કાઢી નાખી તેને ક્ષીણ કરી દેવામાં આવે તે પ્રમાણે સાધુએ અનશન વગેરે તપ વડે શરીરને કૃશ કરી દેવું જોઇએ. તથા અહિંસાધર્મનું જ પાલન કરવું જોઇએ. સર્વજ્ઞ ભગવાને એ જ ધર્મની પ્રરૂપણા કરેલ છે

१५- सउणी जह पंसुगुंडिया,
विहुणिय धंसयई सियं रयं ।
एवं दविओवहाणवं,
कम्मं खवइ तवस्सिमाहणे ।

(૧૫) જેમ ધૂળથી ભરેલી પક્ષિણી પોતાનું શરીર કંપાવીને ધૂળને ઉડાડી દે છે, તે પ્રમાણે અનશનાદિ તપ કરનારા તપસ્વી સાધુ કર્મનો ક્ષય કરી દે છે.

સ્વજનાદિના ઉપસર્ગ—

१६- उट्ठियमणगारमेसणं,
समणं ठाणठिअं तवस्सिणं ।
डहरा वुड्ढा य पत्थए,
अवि सुस्से ण य तं लभेज्ज णो ।

(૧૬) ગૃહરહિત, એષણાનું પાલન કરવામાં તત્પર, સંયમધારી તપસ્વી સાધુ પાસે આવી તેમના પુત્ર–પૌત્ર માતા–પિતા વગેરે દીક્ષા છોડી દેવાનું કહે તેમજ ગૃહવાસમાં રહેવાની પ્રાર્થના કરતાં કરતાં થાકી જાય, તો પણ સાધુ સ્નેહીજનોને આધીન ન થાય

१७- जइ कालुणियाणि कासिया,
जइ रोयंति य पुत्तकारणा ।
दवियं भिक्खुं समुट्ठियं,
णो लब्भंति ण संठवित्तए ।

(૧૭) સાધુના માતા–પિતા વગેરે તેમની પાસે આવી, કરુણાજનક વચન બોલે અથવા પુત્ર માટે રુદન કરે તો પણ સંયમ પાલન કરવામાં તત્પર તે સાધુને તેઓ ડગાવી શકતા નથી તેમજ ગૃહવાસમાં સ્થાપિત કરી શકતા નથી.

१८- जइवि य कामेहि लाविया,
जइ णेज्जाहि ण बंधिउं घरं ।
जइ जीविय नावकंखए,
णो लब्भंति ण संठवित्तए ।

(૧૮) સાધુના સંબંધીઓ સાધુને વિષયભોગનું પ્રલોભન આપે કે તેને બાંધીને ઘરે લઇ જાય, પણ જો તે સાધુ અસંયમી જીવનની ઇચ્છા ન કરતા હોય તો તેઓ તેમને વશ કરી શકતા નથી અને ગૃહસ્થ ભાવમાં પણ સ્થાપિત કરી શકતા નથી.

१९- सेहंति य णं ममाइणो,
मायपिया य सुया य भारिया ।
पोसाहि ण पासओ तुमं,
लोग परं पि जहासि पोसणो ।

(૧૯) સાધુને પોતાના પુત્ર. માતા. પિતા. પત્ની વગેરે શિક્ષા આપે છે અને કહે છે--હે પુત્ર! તું ઘણો સૂક્ષ્મદર્શી છે માટે અમારું પાલન કર. અમને છોડીને તું પરલોક પણ બગાડી રહ્યો છે, માટે અમારું પાલન કર

२०- अन्ने अन्नेहि मुच्छिया,
मोहं जंति नरा असंवुडा ।
विसमं विसमेहि गाहिया,
ते पावेहि पुणो पगब्भिया ।

(૨૦) કોઈ કોઈ કાયર પુરુષો સબધી જનોના ઉપદેશથી માતા, પિતા, પુત્ર વગેરેમાં મૂર્ચ્છિત બની મોહને વશ બને છે તેઓ અસંયમી પુરુષો દ્વારા અસયમને ગ્રહણ કરી ફરી પાપકારી કાર્ય કરવામા લજ્જિત થતા નથી

२१- तम्हा दवि इक्ख पंडिए,
पावाओ विरतेऽभिनिव्वुडे ।
पणए वीरे महावीहि,
सिद्धिपहं णेआउयं धुवं ।

(૨૧) મોહને વશીભૂત થઈને મનુષ્ય પાપ કર્મ કરવામા નિર્લજ્જ બની જાય છે માટે હે પંડિત પુરુષો! તમે રાગદ્વેષ રહિત બનીને વિચાર કરો. સત્ અસત્ના વિવેકથી [illegible] પાપથી રહિત. જ્ઞાન બનેલા વીર પુરુષો [illegible] કરે છે. તે મહામાર્ગ [illegible] નિકટ લઈ જનાર [illegible]

२२- वेयालियमग्गमागओ,
मणवयसा काएण संवुडो ।
चिच्चा वित्तं च णायओ,
आरंभं च सुसंवुडे चरे ।
त्ति बेमि ।।

(૨૨) હે બાંધો! [illegible] માર્ગમાં [illegible] ગુપ્ત બની, ધન અને [illegible] ત્યાગ કરી [illegible] છે. [illegible] હું કહું છું

સાધુ ઉપસર્ગ સહન કરે -

१४- जत्थऽत्थमिए अणाउले,
समविसमाइं मुणीऽहियासए ।
चरगा अदुवा वि भेरवा,
अदुवा तत्थ सरीसिवा सिया ।

(૧૪) સાધુ વિહાર કરતાં, જ્યાં સૂર્ય અસ્ત થઇ જાય ત્યાં જ રોકાય જાય. અનુકૂળ તથા પ્રતિકૂળ શય્યા આદિ પરીષહોને સહન કરે, પણ આકુલ વ્યાકુલ ન થાય તે સ્થાનમાં ડાંસ-મચ્છર આદિ હોય, સિંહ આદિ ભયાનક પ્રાણી હોય કે સર્પ આદિના દર હોય તો પણ ત્યાં જ રહી પરીષહોને સહન કરે.

१५- तिरिया मणुया य दिव्वगा,
उवसग्गा तिविहाऽहियासिया ।
लोमादीयं ण हारिसे,
सुन्नागारगओ महामुणी ।

(૧૫) શૂન્યગૃહમાં રહેલા મહામુનિ તિર્યંચ, મનુષ્ય કે દેવતા સંબંધી ત્રિવિધ ઉપસર્ગો સહન કરે પણ ભયથી રુવાડુંય ફરકવા દે નહીં. અર્થાત્ સમભાવથી સર્વ ઉપસર્ગોને સહન કરે.

१६- णो अभिकंखेज्ज जीवियं,
नो वि य पूयणपत्थए सिया ।
अब्भत्थमुवेति भेरवा,
सुन्नागारगयस्स भिक्खुणो ।

(૧૬) તે ઉપસર્ગોથી પીડિત સાધુ જીવનની પરવાહ ન કરે, ઉપસર્ગ સહન કરીને માન-બડાઇની પણ ઈચ્છા ન રાખે આ પ્રમાણે પૂજા અને જીવનથી નિરપેક્ષ બની શૂન્યગૃહમાં રહેતાં સાધુને ભયંકર ઉપસર્ગ સહન કરવાનો અભ્યાસ થઇ જાય છે.

१७- उवणीयतरस्स ताइणो,
भयमाणस्स विविक्कमासणं ।
सामाइयमाहु तस्स जं,
जो अप्पाणं भए ण दंसए ।

(૧૭) જેને આત્મામાં જ્ઞાનાદિ ગુણો વિશિષ્ટ રૂપે પ્રાપ્ત થયેલ છે, જે પોતાની અને બીજાની રક્ષા કરે છે, તેમજ જે સ્ત્રી, પશુ અને પંડગ રહિત સ્થાનનું સેવન કરે છે તેવા મુનિના ચારિત્રને ભગવાને સામાયિક ચારિત્ર કહ્યુ છે એવા ચારિત્રવાન મુનિને ઉપસર્ગ આવે તો તે ભયભીત ન થાય.

१८- उसिणोदगतत्तभोइणो,
धम्मट्ठियस्स मुणिस्स हीमतो ।
संसग्गि असाहु राईहि,
असमाही उ तहागयस्स वि ।

(૧૮) જે ઉષ્ણ જળ પીએ છે, અથવા ઉષ્ણ જળને ઠંડુ કર્યા વિના પીયે છે, જે શ્રુત અને ચારિત્ર ધર્મમાં સ્થિત છે, અસંયમથી લજ્જિત થનાર છે, એવા મુનિને રાજા વગેરેનો સંસર્ગ હિતકર નથી કારણ કે તે સંસર્ગ શાસ્ત્રોક્ત આચાર પાળનાર મુનિનો પણ સમાધિભંગ કરે છે.

१९- अहिगरणकडस्स भिक्खुणो,
वयमाणस्स पसज्झ दारुणं ।
अट्ठे परिहायती बहू,
अहिगरणं न करेज्ज पंडिए ।

(૧૯) જે સાધુ કલહ કરનાર છે અને પ્રગટરૂપે ભયાનક વાક્ય બોલે છે તેના સંયમ તથા મોક્ષ નષ્ટ થઇ જાય છે માટે વિવેકી સાધુ કલહ ન કરે

२०- सीओदगपडिदुगुंछिणो,
अपडिन्नस्स लवावसप्पिणो ।
सामाइयमाहु तस्स जं,
जो गिहिमत्तेऽसणं न भुंजति ।

(૨૦) જે સાધુ સચિત્ત પાણી પીતા નથી, જે પરલોક સંબંધી સુખોની અભિલાષા કરતા નથી, જે કર્મબંધન કરાવનાર કાર્યોથી દૂર રહે છે તથા જે ગૃહસ્થના પાત્રમાં ભોજન કરતા નથી તેમનેજ તીર્થંકર ભગવાને સામાયિકચારિત્રી કહ્યા છે

२१- ण य संखयमाहु जीवियं,
तहवि य बालजणो पगब्भइ ।
बाले पावेहि मिज्जति,
इति संखाय मुणी ण मज्जइ ।

(૨૧) તૂટેલુ આયુષ્ય ફરી સાંધી શકાતુ નથી. ભગવન્તે કહ્યું છે છતાં પણ અજ્ઞાનીજનો પાપ કરવાની ધૃષ્ટતા કરે છે તે અજ્ઞાનીજન પાપી કહેવાય છે માટે મુનિને બીજા પાપી છે, હુ ધાર્મિક છું એવો મદ કરવો જોઈએ નહી

२२- छंदेण पले इमा पया,
बहुमाया मोहेण पाउडा ।
वियडेण पलिंति माहणे,
सीउण्हं वयसाऽहियासए ।

(૨૨) ઘણી માયા કરનારી તથા મોહથી આચ્છાદિત પ્રજા પોતાની જ સ્વચ્છંદતાથી નરક વગેરે ગતિઓમાં જાય છે પરંતુ મુનિ નિષ્કપટતાથી સંયમમાં પ્રવૃત્તિ કરે છે તેમજ મન, વચન કાયાથી શીત ઉષ્ણ આદિ પરીષહોને સહન કરે છે.

२३- कुजए अपराजिए जहा,
अक्खेहि कुसलेहि दीवयं ।
कडमेव गहाय णो कलिं,
नो तीयं नो चेव दावर ।

(૨૩) જેવી રીતે [illegible] નિપુણ, જે કોઈથી પરાજિત ન [illegible] દાવને જ (સટ્ટાને) [illegible] ત્રીજો [illegible] નહી

५- वाहेण जहावविच्छए,
अवले होइ गवं पचोइए ।
से अंतसो अप्पथामए,
नाइवहइ अवले विसीयति ।

કર્મભોગની ઇચ્છા છોડવી—

(૫) જેમ દુર્બળ બળદને ગાડીવાન ચાબૂક મારી મારીને પ્રેરિત કરે છે પણ તે વિષમ માર્ગ કાપી શકતો નથી, તે પરાક્રમહીન અને બળહીન હોવાના કારણે વિષમ માર્ગમાં કષ્ટ પામે છે, પરંતુ ભારવહન કરવામાં સમર્થ થતો નથી. १०-ग

६- एवं कामेसणं विऊ,
अज्जसुए पयहेज्ज संथवं ।
कामी कामे ण कामए,
लद्धे वावि अलद्ध कण्हुइ ।

(૬) તે પ્રમાણે કામભોગના અન્વેષણમાં નિપુણ પુરુષ હું આજ-કાલમાં કામભોગ છોડી દઈશ એવી માત્ર ચિંતા કરે છે પરંતુ તે છોડી શકતો નથી માટે કામભોગની ઈચ્છા જ કરવી નહિ ११ અને મળેલાં કામભોગોને ન મળ્યા બરાબર જાણી તેઓથી નિસ્પૃહી બની જવુ જોઈએ. हं

७- मा पच्छ असाधुता भवे,
अच्चेही अणुसास अप्पगं ।
अहियं च असाहु सोयति,
से थणति परिदेवति वहु ।

વિષયસેવનથી આત્માને દૂર રાખો-

(૭) મૃત્યુ પછી દુર્ગતિ ન થાય એવો વિચાર કરી વિષયસેવનથી પોતાના આત્માને દૂર કરો અને શિક્ષા આપો કે હે આત્મન્! અસાધુ પુરુષ કર્મ કરી દુર્ગતિમાં ગયા બાદ શોક કરે છે- १२ હાયહાય કરે છે, અને વિલાપ કરે છે. (માટે પહેલાથી જ સાવધાન બની જવુ જોઈએ અને કામભોગથી વિરક્ત થઈ જવું જોઈએ)

८- इह जीवियमेव पासहा,
तरुणे वाससयस्स तुट्टइ ।
इत्तरवासे य वुज्झह,
गिद्धनरा कामेसु मुच्छिया ।

આયુષ્યની અનિત્યતા-

(૮) હે મનુષ્યો! આ મર્ત્યલોકમાં પહેલાં તો પોતાનુ જીવન જ જુઓ! સો વર્ષની આયુવાળા १३ પુરુષનુ જીવનપણ યુવાવસ્થામાં જ નષ્ટ થઇ જાય છે આ જીવનને થોડા દિવસના નિવાસ જેવું સમજો. આવી સ્થિતિમાં ક્ષુદ્ર મનુષ્ય જ કામભોગમાં મૂર્ચ્છિત બને છે.

९- जे इह आरंभनिस्सिया,
आयदंड एगंतलूसगा ।
गंता ते पावलोगयं,
चिरायं आसुरियं दिसं ।

આરંભમાં આસક્તિનું પરિણામ-

૯- આ લોકમાં જે મનુષ્યો આરંભમાં આસકત છે, આત્માને દંડનાર છે અને જીવોની હિંસા १४ કરનાર છે તેઓ ચિરકાળ માટે નરક વગેરે પાપલોકમાં જાય છે. જો બાળતપસ્યા વગેરેના કારણે તે દેવના બને, તો પણ અધમ અસુર અથવા કિલ્વિષી દેવ બને છે

અજ્ઞાનીઓ વર્તમાનનેજ સ્વીકારે છે.

१०- ण य संखयमाहु जीवितं,
तहवि य बालजणो पगब्भइ ।
पच्चुप्पन्नेन कारियं,
को दट्ठुं परलोयमागते ? ।

(૧૦) સર્વજ્ઞોએ કહ્યું છે કે "આ જીવન તૂટ્યા પછી સંધાતું નથી" છતાં પણ અજ્ઞાની મનુષ્યો પાપ કરવામાં ધૃષ્ટતા કરે છે તેઓ કહે છે કે "અમને તો વર્તમાન સુખનું જ પ્રયોજન છે, પરલોકને કોણ જોઈને આવ્યું છે?" અર્થાત્ પરલોકના સુખ માટે વર્તમાનના સુખો છોડવા તે યોગ્ય નથી.

સર્વજ્ઞોક્ત સિદ્ધાંતમાં શ્રદ્ધા રાખો-

११- अदक्खु व दक्खुवाहिय,
त सद्दहसु अदक्खुदंसण !
हृदि हु सुनिरुद्धदसणे,
मोहणिज्जेण कडेण कम्मुणा ।

(૧૧) હે અદૃષ્ટવત્ પુરુષ ! તું સર્વજ્ઞોક્ત સિદ્ધાંતમાં શ્રદ્ધા કર [illegible] મોહનીય કર્મના પ્રભાવથી [illegible] તે જ સર્વજ્ઞોક્ત [illegible] [illegible] સમજ !

મુનિ-પૂજાનો ત્યાગ

१२- दुक्खी मोहे पुणो पुणो,
निव्विदेज्ज सिलोगपूयणं ।
एव सहितेऽतिपासए,
आयतुले पाणेहि सजए ।

(૧૨) [illegible]

સુવ્રતી શ્રાવકને દેવગતિ-

१३- गार पिअ आवसे नरे,
अणुपुव्व पाणेहि सजए ।
समता सव्वत्थ सुव्वते,
देवाण गच्छे सलोगय ।

(૧૩) [illegible]

[illegible]

१४- [illegible]

[illegible]

१५- सव्वं नच्चा अहिट्ठए,
धम्मट्ठी उवहाणवीरिए ।
गुत्ते जुत्ते सया जए,
आयपरे परमायतट्ठिते ।

૧૫–સાધુ બધી વસ્તુને જાણી સંવરનું આચરણ કરે મન, વચન અને કાયાનું ગોપન કરે, જ્ઞાનાદિયુકત થઈને સદા પોતાના તથા બીજાના વિષયમાં યતના કરે તથા મોક્ષના અભિલાષી થઇને વિચરે.

ધન-સ્વજન

१६- वित्तं पसवो य नाइओ,
तं वाले सरणं ति मन्नइ ।
एते मम तेसु वि अहं,
नो ताणं सरणं न विज्जइ ।

૧૬– અજ્ઞાની જીવ ધન, પશુ અને જ્ઞાતિ જનોને પોતાનુ શરણ માને છે. તે માને છે કે તેઓ મારા છે અને હુ તેમનો છું, કિન્તુ વસ્તુતઃ તે ત્રાણ અને શરણ નથી.

દુઃખમાં કોઇ શરણ નથી.

१७- अब्भागमितंमि वा दुहे,
अहवा उक्कमिते भवंतिए ।
एगस्स गती य आगती,
विदुमंता सरणं न मन्नइ ।

(૧૭) દુઃખ આવતાં જીવ એકલો જ તે દુઃખ ભોગવે છે તથા ઉપક્રમના કારણે આયુ નષ્ટ થતાં અથવા મૃત્યુ આવતાં તે એકલો જ પરલોકમાં જાય છે. તેથી વિદ્વાન પુરુષો કોઇ વસ્તુને પોતાને શરણ માનતા નથી.

કર્માનુસાર સંસારભ્રમણ–

१८- सव्वे सयकम्मकप्पिया,
अवियत्तेण दुहेण पाणिणो ।
हिंडंति भयाउला सढा,
जाइजरामरणेहिऽभिद्दुता ।

(૧૮) બધા પ્રાણીઓ પોતપોતાના કર્માનુસાર નાના પ્રકારની અવસ્થાઓથી યુકત છે તથા અવ્યકત અને વ્યકત દુઃખથી પીડિત છે, તે શઠ જીવો જન્મ, જરા અને મરણના દુઃખો ભોગવે છે અને ભયથી આકુળ વ્યાકુળ થઇને સંસારચક્રમાં ભ્રમણ કરે છે.

અત્યારે મોક્ષ સાધનનો અવસર છે–

१९- इणमेव खणं विजाणिया,
णो सुलभं वोहिं च आहियं ।
एवं महिएऽहियासए,
आह जिणो इणमेव सेसगा ।

૧૯–બુદ્ધિમાન્ પુરુષ આ અવસરને ઓળખે અર્થાત્ મનુષ્યભવ, સારાકુળમાં જન્મ, આર્યદેશ, આર્યધર્મની પ્રાપ્તિ આદિ અનુકૂળ અવસર પામી ધર્મની આરાધના કરે વીતરાગ દેવ દ્વારા પ્રરૂપિત ધર્મની પ્રાપ્તિ થવી સરળ નથી આ અવસર ચાલ્યો ગયો તો ક્યારે બોધિની પ્રાપ્તિ થશે ! આ રીતે જ્ઞાની પુરુષોએ વિચાર કરવો જોઇએ શ્રી ઋષભદેવ ભગવાને પોતાના પુત્રોને આ ઉપદેશ આપ્યો, અને અન્ય તીર્થકરોએ પણ એજ કહ્યુ છે.

२०- अभविंसु पुरा वि भिक्खवो,
आएसा वि भवंति सुव्वता ।
एयाइं गुणाइं आहु ते,
कासवस्स अणुधम्मचारिणो ।

૨૦- હે સાધુઓ! જે તીર્થંકરો પહેલાં થઈ ગયા છે અને જે ભવિષ્યકાળમાં થશે તે બધા સુવ્રત પુરુષોએ તથા ભગવાન ઋષભદેવ સ્વામીના અને ભગવાન મહાવીર સ્વામીના અનુયાયીઓએ પણ આ ગુણોને મોક્ષનું સાધન બતાવેલ છે

२१- तिविहेण वि पाण मा हणे,
आयहिते अणियाणसंवुडे ।
एव सिद्धा अणंतसो,
संपइ जे अ अणागयावरे ।

૨૧- મન વચન અને કાયા એમ ત્રણ યોગથી પ્રાણીની હિંસા કરવી નહીં પોતાના આત્માના હિતમાં પ્રવૃત્ત રહીને સ્વર્ગાદિની ઇચ્છા રહિત (અનિદાન) થઈને ગુપ્તેન્દ્રિય રહેવું આ પ્રમાણે અનન્તજીવ સિદ્ધ થયા છે વર્તમાન કાળમાં સિદ્ધ થાય છે અને ભવિષ્ય કાળમાં પણ અનન્તજીવ સિદ્ધ થશે.

ત્રીજું અધ્યયન

ઉપસર્ગપરિજ્ઞા.

પહેલા અધ્યયનમાં સ્વ-સમય અને પર-સમયની પ્રરૂપણા કરવામાં આવી છે. બીજા અધ્યયનમાં પરસમયના દોષો અને સ્વસમયના ગુણોને જાણીને, સ્વસમયનું જ જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ, એ કહેવામાં આવ્યું છે. પ્રસ્તુત ત્રીજા અધ્યયનમાં ઉપસર્ગની વાત બતાવેલ છે. ઉપસર્ગ બે પ્રકારના છે. પ્રતિકૂળ અને અનુકૂળ. સમ્યક્ ઉત્થાનથી ઉત્થિત સાધુના જીવનમાં ઉપસર્ગ આવે છે તો તે ઉપસર્ગોને સમ્યક્ પ્રકારે સહન કરે.

સંયમ જ મોક્ષનું પ્રધાન કારણ છે. તે સંયમમાં વિઘ્નનું જે કારણ છે તે ઉપસર્ગ છે ઉપસર્ગ ચાર પ્રકારે ઉત્પન્ન થાય છે-- દેવકૃત, મનુષ્યકૃત, તિર્યંકૃત અને આત્મ-સંવેદનરૂપ.

પ્રસ્તુત અધ્યયનના ચાર ઉદ્દેશક છે. પ્રથમ પ્રતિકૂળ ઉપસર્ગોનું વર્ણન છે. કાયર સાધક પ્રથમ તો બહુ શૂરવીરતા બતાવે છે. પણ પાછળથી તે શિથીલ બની જાય છે. જેમ શિશુપાળ પોતાની જાતને શૂર માનતો હતો પણ જ્યાં સુધી કૃષ્ણવાસુદેવ યુદ્ધમાં ન આવ્યા હતા. કૃષ્ણ જ્યારે યુધ્ધમાં આવ્યા ત્યારે તે તરતજ હથિયાર મૂકીને ચાલ્યો ગયો તેમ આત્મશ્લાઘા કરનારા સાધક પાણી વિનાના કોરા વાદળાંની પેઠે ખુબ ગર્જે છે. હાથી પણ અકાળે મેઘ-ગર્જનાની પેઠે ગાજે છે, પણ જ્યાં સુધી સિંહ ગુફામાંથી બહાર નથી આવ્યો ત્યાં સુધી. એ જ રીતે કાયર સાધકો પ્રતિકૂળ ઉપસર્ગો ઉપસ્થિત થતાં સંયમ છોડીને ચાલ્યા જાય છે. પણ શૂરવીર સાધકને ઉપસર્ગ ઉપકારી નીવડે છે. જેમ જેમ ઉપસર્ગ આવે છે તેમ તેમ તે ગજસુકુમારની જેમ સાધનાની સીડીએ ચડતો જાય છે. આ રીતે પ્રતિકૂળ ઉપસર્ગોમાં હિમાલયની જેમ અચલ રહેનાર આત્મા તરી જાય છે.

અનુકૂળ ઉપસર્ગમાંથી બહાર નીકળવું બહુ મુશ્કેલ છે કારણ-અનુકૂળ ઉપસર્ગમાં માતા, પિતા, પત્ની, પુત્ર વગેરે ભોગ વિલાસના સાધનોમાં લલચાવવાનો પ્રયત્ન કરે છે. જેમ જંગલમાં ઉત્પન્ન થયેલા વૃક્ષને વેલડીઓ વીંટાય જાય છે તેમ સગા સંબંધીઓ તે સાધકને ડોકે બાઝીને રડે છે. જેમ નવા હાથીને પકડીને તેને સંતોષવા માટે શેરડીના ટુકડા વગેરે નાખે છે તેમજ નવી વીયાયેલી ગાય જેમ પોતાના વાછરડાની પાસે રહે છે અને તેની પાછળ પાછળ દોડે છે તે પ્રમાણે સર્વે સ્વજનવર્ગ અનુકૂળ આચરણ દ્વારા સાધુને લલચાવે છે કાયર તે પ્રલોભનોમાં ફસાઈ જઈ સંયમથી પતિત થઈ જાય છે

મુમુક્ષુ સાધક આ ઉપસર્ગોને પોતાની કસોટી માની સમભાવથી સહન કરે અગ્નિમાં પડી જેમ સુવર્ણ વધારે તેજસ્વી અને નિર્મળ બને છે, તેમ સમભાવથી ઉપસર્ગ સહનાર સાધુની આત્મિક શક્તિઓ વધારે ખીલી ઊઠે છે

પ્રથમ ઉદ્દેશક

१- सूरं मण्णइ अप्पाणं,
जाव जेयं न पस्सति ।
जुज्झंतं दढधम्माणं,
सिसुपालो व महारहं ।

૧– જ્યાં સુધી કોઈ વિજેતા પુરુષનું દર્શન થતું નથી ત્યાં સુધી કાયર પુરુષ પોતાને શૂરવીર સમજે છે. પરંતુ વિજેતા પુરુષને જોઈ ક્ષોભ પામે છે. જેમકે શિશુપાલ પોતાને શૂરવીર માનતો હતો છતાં મહારથી દૃઢધર્મી કૃષ્ણ-વાસુદેવને યુદ્ધમાં આવતા જોઈને ક્ષોભ પામ્યો

२- पयाता सूरा रणसीसे,
संगामम्मि उवट्ठिते ।
माया पुत्तं न जाणाइ,
जेएण परिविच्छए ।

૨– પ્રથમ ઉપસ્થિત [illegible] પોતાને શૂર-વીર માનનાર પરન્તુ વસ્તુતઃ કાયર પુરુષ યુદ્ધના અગ્રભાગમાં [illegible] સંગ્રામમાં [illegible] બાળકનું પણ ભાન [illegible] વિજયી પુરુષ [illegible] થાય છે

६- सदा दत्तेसणा दुक्खा,
जायणा दुप्पणोल्लिया ।
कम्मत्ता दुब्भगा चेव,
इच्चाहंसु पुढो जणा ।

યાચના પરિષહ

૬–બીજા વડે અપાતી વસ્તુની જ એષણા કરવાનું દુઃસહ છે. તે ઉપરાંત કેટલાંક અવિવેકી માણસો સાધુઓને જોઇને કહે છે કે આ દુર્ભાગી પોતાના પૂર્વકૃત કર્મનું ફળ ભોગવે છે.

७- एते सद्दे अचायंता,
गामेसु नगरेसु वा ।
तत्थ मदा विसीयंति,
संगामम्मि व भीरुया ।

૭–જેમ કાયર પુરુષ સંગ્રામમાં વિષાદને પ્રાપ્ત કરે છે તેમ ગામ અથવા નગરમાં રહેલ પૂર્વોકત શબ્દો સહન કરવામાં અસમર્થ મંદમતિ પ્રવ્રજિત પુરુષ પણ વિષાદને પામે છે

વધ પરિષહ

८- अप्पेगे खुधियं भिक्खुं,
सुणी डंसति लूसए ।
तत्थ मंदा विसीयंति,
तेउपुट्ठा व पाणिणो ।

૮–ભિક્ષાર્થે ભ્રમણ કરતા સાધુને કોઇ ક્રૂર કુતરા વગેરે પ્રાણી કરડે તો તે વખતે મંદમતિ સાધુ અગ્નિથી દાઝેલા ગભરાયેલા પ્રાણીની જેમ દુઃખી બની જાય છે.

९- अप्पेगे पडिभासंति,
पडिपंथियमागता ।
पडियारगता एते,
जे एते एव जीविणो ।

૯–કોઈ કોઈ સાધુના દ્વેષી પુરુષ સાધુને જોઇને કહે છે કે ભિક્ષા માગીને જીવન નિર્વાહ કરનારા આ લોકો પોતાના પૂર્વકર્મના ફળ ભોગવે છે

અનાર્યોના કડવા વચન

१०- अप्पेगे वइ जुजंति.
नगिणा पिंडोलगाहमा ।
मुंडा कंडूविणट्ठंगा,
उज्जल्ला असमाहिता ।

૧૦–કોઇ કોઇ પુરુષ જિનકલ્પી વગેરે સાધુને જોઈને એવા વચનનો પ્રયોગ કરે છે આ નગ્ન છે, પરપિંડપ્રાર્થી છે, મુંડિત છે, ખુજલીના રોગથી તેના અંગો સડી ગયા છે, ગંદા છે, અશોભનીય છે અને અસમાધિ ઉત્પન્ન કરનાર છે

કડવા વચનનું ફળ

११- एवं विप्पडिवन्नेगे,
अप्पणा उ अजाणया ।
तमाओ ते तमं जंति,
मंदा मोहेण पाउडा ।

૧૧–આ પ્રમાણે સાધુનો અને સન્માર્ગનો દ્રોહ કરનાર સ્વયં અજ્ઞાની મોહથી વેષ્ટિત થયેલ મૂર્ખ પુરુષ અંધકારથી નીકળી ફરી અંધકારમાં જાય છે એટલે કે કુમાર્ગગામી થાય છે.

१२- पुट्ठो य दंसमसगेहिं,
तणफासमचाइया ।
न मे दिट्ठे परे लोए,
जइ परं मरणं सिया ।

ડાંસ-મચ્છરનો પરિષહ

૧૨-ડાંસ-મચ્છર પરિષહથી પીડિત તથા તૃણની શય્યાના સ્પર્શને સહન કરવામાં અસમર્થ નવદીક્ષિત સાધુ એવો વિચાર કરે કે [illegible] દુષ્કર અનુષ્ઠાન પરલોકના માટે કરવામાં આવે છે પરંતુ પરલોક તો મેં જોયો [illegible] કષ્ટથી મરણ તો પ્રત્યક્ષ દેખાય છે

१३- संतत्ता केसलोएण,
बंभचेरपराइया ।
तत्थ मंदा विसीयंति,
मच्छा विट्ठा व केयणे ।

લોચ વગેરે પરિષહ

૧૩- કેશલોચથી [illegible] બ્રહ્મચર્યથી પરાજિત થયેલા [illegible] દુઃખી થાય છે [illegible]

१४- आयदंडसमायारे,
मिच्छासंठियभावणा ।
हरिसप्पओसमावन्ना,
केई लूसंतिऽणारिया ।

અનાર્યો તરફથી [illegible] ઉપસર્ગો

૧૪-[illegible]

१७- एते भो कसिणा फासा,
फरुसा दुरहियासया।
हत्थी वा सरसंवित्ता,
कीवा वसगया गिहं।
त्ति बेमि ॥

કાયર સાધુ ઉપસર્ગથી સંયમ ત્યાગી દે છે

૧૭–જેમ બાણોથી વિંધાયેલ હાથી સંગ્રામમાંથી ભાગી જાય છે, તેમ હે શિષ્યો! પૂર્વોક્ત કઠોર અને દુસ્સહ પરિષહોથી પીડિત થઇ અસમર્થ સાધુ સંયમથી ભ્રષ્ટ થઈ જાય છે.

એમ હું કહું છું.



ઉદ્દેશક બીજો

१- अहिमे सुहुमा संगा,
ઔદારિક શરીરની ઉત્પત્તિ પહેલાં પ્રાણી તૈજસ, કાર્મણ અને મિશ્ર શરીર દ્વારા જે આહાર કરે છે; તે ઓજ આહાર કહેવાય છે. કોઈ આચાર્ય કહે છે કે ઔદારિક શરીરથી પર્યાપ્ત થયેલો જીવ પણ ઈન્દ્રિયો પ્રાણ, ભાષા અને મનથી અપર્યાપ્ત હોય ત્યાં સુધી શરીરથી આહાર લે તે પણ ઓજ આહાર છે ઈન્દ્રિય, પ્રાણ, ભાષા અને મનની પર્યાપ્તિ થયા પછી પ્રાણી સ્પર્શેન્દ્રિય વડે જે આહાર લે છે, તે રોમ આહાર કહેવાય છે. તૈજસ કાર્મણ શરીર વડે જે જીવો ઓજ આહાર લે છે તે સર્વ જીવો અપર્યાપ્ત જાણવા, જીવ પૂર્વ શરીર છોડી બીજી ગતિમાં જાય ત્યારે ગરમ ઘીની કઢાઇમાં નાખેલાં માલપુડાનો ઢીલો લોટ જેમ ઘીને પીને પુષ્ટ બને છે, તેમ ઉત્પત્તિસ્થાન-માંથી જીવ પુદ્ગલોને ગ્રહણ કરીને નવું બાંધે છે. આ પ્રમાણે તે જીવ પર્યાપ્ત અવસ્થા પ્રાપ્ત કર્યા પહેલાં તૈજસ અને કાર્મણ તથા મિશ્ર શરીર દ્વારા ઓજ આહાર ગ્રહણ કરે છે.

પર્યાપ્ત અવસ્થા વિષે કોઈ આચાર્ય કહે છે કે ઈન્દ્રિયો વિગેરેની પર્યાપ્તિથી જ પર્યાપ્ત અવસ્થા બને છે. ત્યારે બીજા કેવળ શરીર પર્યાપ્તિથી પર્યાપ્ત અવસ્થા ગણે છે. એ પર્યાપ્ત જીવો સ્પર્શેન્દ્રિય વડે રોમ આહાર કરે છે ગર્ભસ્થિત બાળક ગરમી, શીતળ પવન કે જળ દ્વારા પ્રસન્નતા અનુભવે છે. તેનું કારણ પણ સ્પર્શેન્દ્રિયદ્વારા રોમાહાર ગ્રહણ કરે છે- તે છે પર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી રોમાહાર જાણવો.

પ્રક્ષેપ-આહાર તો જ્યારે પ્રાણી મોઢામાં કોળિયો મુકીને ખાય ત્યારે હોય. બાકીના વખતમાં રોમ આહાર વાયુ વિગેરેના સ્પર્શમાત્રથી સદાય હોય છે કવલાહાર તો નિયત સમયે જ લેવાય છે. દેવકુરૂ અને ઉત્તરકુરૂ ક્ષેત્રના યુગલો અષ્ટમ ભકત ગ્રહણ કરે છે. પરંતુ સંખ્યાત વર્ષના આયુષ્યવાળા જીવોનો આહાર ગ્રહણ કરવાનો કોઈ કાળનિયમ નથી.

એકેન્દ્રિય જીવો, દેવતા અને નારકીને કવલ આહાર નથી હોતો દેવતાઓ મનમાં સંકલ્પ કરે ત્યારે શુભ પુદ્ગલો તેમના આહાર રૂપે પરિણત થઇ જાય છે અને નારકીને અશુભ પુદ્ગલો પરિણત થાય છે બાકીના બેઇન્દ્રિયથી લઇ પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોને કવલાહાર હોય છે તેમની શરીરસ્થિતિ કવલાહાર વિના હોય નહિ, વળી કવલાહાર જીભને આશ્રયી છે.

કેટલાક આચાર્યોનો એવો મત છે કે જીવ [illegible] ને કવલ-આહાર છે નહિ. આંખ અને કાનથી ગ્રહણ કરેલ [illegible] આહાર છે અને કેવળ સ્પર્શેન્દ્રિયથી ગ્રહણ કરી શકાય [illegible]

કઈ અવસ્થામાં આહાર ન હોય?

(૧) ઉત્પત્તિ કાળમાં વિગ્રહ ગતિએ [illegible]

(૨) કેવલીસમુદ્ઘાત થાય [illegible] આહાર કરતા નથી

(૩) શૈલેશી અવસ્થામાં અયોગી કેવળી

(૪) સિદ્ધ થયેલા ભગવંતો [illegible]

આ ચાર અવસ્થા [illegible] વખતે જો જીવો વક્રગતિ ન [illegible] વક્રશ્રેણીમાં [illegible] આહાર ગ્રહણ કર્યો [illegible] ભવ ગ્રહણ કરનારને [illegible] ગ્રહણ કરનારને [illegible]

આ ચાર [illegible]

[illegible]

અધ્યયન ત્રીજુ

આહારપરિજ્ઞા

१- सुयं मे आउसं! तेणं भगवया एवमक्खायं-इह खलु आहारपरिण्णाणामज्झयणे, तस्स णं अयमट्ठे-इह खलु पाईणं वा ४ सव्वतो सव्वावंति च णं लोगंसि चत्तारि बीयकाया एवमाहिज्जंति, तंजहा-अग्गवीया मूलवीया पोरबीया खंधबीया। तेसिं च णं अहाबीयाणं अहावगासेण इहेगया सत्ता पुढवीजोणिया पुढवीसंभवा पुढवीवुक्कमा तज्जोणिया तस्संभवा तदुवक्कमा कम्मोवगा कम्मणियाणेणं तत्थवुक्कमा णाणाविहजोणियासु पुढवीसु रुक्खत्ताए विउट्टंति।

ते जीवा तेसिं णाणाविहजोणियाणं पुढवीणं सिणेहमाहारेन्ति। ते जीवा आहारेन्ति पुढवीसरीरं आउसरीरं तेउसरीरं वाउसरीरं वणस्सइसरीरं। णाणाविहाणं तसथावराणं पाणाणं सरीरं अचित्तं कुव्वंति, परिविद्धत्थं तं सरीरं पुव्वाहारियं तयाहारियं विपरिणयं सारूवियकडं संतं।

अवरेऽवि य णं तेसि पुढवीजोणियाणं रुक्खाणं सरीरा णाणावण्णा णाणागंधा णाणारसा णाणाफासा णाणासंठाणसंठिया णाणाविहसरीर-पुग्गल-विउव्वित्ता ते जीवा कम्मोववन्नगा भवंति त्ति मक्खायं।

પૃથ્વીયોનિક વૃક્ષો...

૧- હે આયુષ્મન્ જમ્બૂ! શ્રી ભગવાન મહાવીર સ્વામી પાસે મેં આ પ્રમાણે સાંભળ્યું છે, એમ સુધર્મા સ્વામી કહે છે. સર્વજ્ઞના શાસનમાં "આહારપરિજ્ઞા" નામક અધ્યયન છે. તેનો અર્થ આ પ્રમાણે છે- આ લોકમાં પૂર્વાદિ દિશાઓ તથા વિદિશાઓમાં ચારે બાજુ ચાર પ્રકારના બીજકાયો છે. તે આ પ્રમાણે છે- અગ્રબીજ, મૂલબીજ, પર્વબીજ અને સ્કન્ધબીજ (જેના અગ્ર ભાગમાં બીજ હોય તે અગ્રબીજ, જેમકે આંબો, શાલી, તાડ, તલ વિગેરે મૂળથી જે ઉત્પન્ન થાય તે મૂળબીજ, જેમકે બટેટા, આદુ વિગેરે પર્વથી ઉત્પન્ન થનાર શેરડી વિગેરે તે પર્વબીજ જેના બીજ સ્કન્ધમાં હોય તે સ્કન્ધબીજ, જેમકે સલ્લકી મોગરો વિગેરે) તે બીજકાયવાળા જીવોમાં જે જે બીજથી અને જે પ્રદેશમાં ઉત્પન્ન થવાની યોગ્યતા રાખે છે તે બીજથી અને તે ક્ષેત્રમાં પૃથ્વી ઉપર ઉત્પન્ન થાય છે અને તેના ઉપર સ્થિત રહે છે અને તે પૃથ્વી ઉપર વૃદ્ધિ પ્રાપ્ત કરે છે. પૃથ્વી ઉપર ઉત્પન્ન થનાર, તેના ઉપર સ્થિત રહેનાર તથા વૃદ્ધિ પામનાર તે જીવ કર્મને વશીભૂત બનીને, કર્મથી આકર્ષિત બનીને વિવિધ પ્રકારની યોનિવાળી પૃથ્વીમાં વૃક્ષરૂપે ઉત્પન્ન થાય છે. પૃથ્વી ઉપર વૃક્ષ રૂપે ઉત્પન્ન થઈને તે જીવ અનેક જાતિવાળી પૃથ્વીના ચીકાસનો આહાર કરે છે તે જીવ અનેક ત્રસ-સ્થાવર જીવોના શરીર અચિત્ત (નિર્જીવ) બનાવી દે છે. તે જીવો પ્રથમ આહાર કરેલા અને ઉત્પત્તિ પછી ત્વચા (રોમરાય) દ્વારા આહાર કરીને પૃથ્વીકાયાદિ શરીરને પોતાના શરીરરૂપે પરિણત કરી દે છે. તે પૃથ્વીયોનિક વૃક્ષના બીજા શરીરો પણ વિવિધ વર્ણ, ગંધ રસ, સ્પર્શ અને અવયવરચનાથી યુક્ત તથા અનેકવિધ પુદ્‌ગલોથી બનેલા હોય છે. એમ તીર્થંકરોએ કહ્યું છે.

२- अहावरं पुरक्खायं इहेगइया सत्ता रुक्ख-जोणिया रुक्खसंभवा रुक्खवुक्कमा, तज्जोणिया तस्संभवा तदुवक्कमा कम्मोवगा कम्मनियाणेण तत्थवुक्कमा पुढवीजोणिएहि रुक्खेहि रुक्खत्ताए विउट्टंति । ते जीवा तेसिं पुढवीजोणियाण रुक्खाणं सिणेहमाहारेन्ति ते जीवा आहारेन्ति पुढवीसरीरं आउतेउवाउवणस्सइसरीरं णाणाविहाण तसथावराण पाणाण सरीरं अचित्तं कुव्वंति । परिविद्धत्थं तं सरीरं पुव्वाहारियं तयाहारियं विपरिणामियं सारूवियकडं संतं अवरे वि य णं तेसिं रुक्खजोणियाण रुक्खाणं सरीरा णाणावण्णा णाणागंधा णाणारसा णाणाफासा णाणासंठाणसंठिया णाणाविहसरीरपुग्गलविउव्विया ते जीवा कम्मोववन्नगा भवंतीतिमक्खायं ।

३- अहावरं पुरक्खायं इहेगइया सत्ता रुक्ख-जोणिया रुक्खसंभवा रुक्खवुक्कमा तज्जोणिया तस्संभवा तदुवक्कमा कम्मो-वगा कम्मनियाणेणं तत्थवुक्कमा रुक्ख-जोणिएसु रुक्खत्ताए विउट्टंति । ते जीवा तेसिं रुक्खजोणियाणं रुक्खाणं सिणेहमा-हारेंति । ते जीवा आहारेंति पुढवी-सरीरं आउतेउवाउवणस्सइसरीरं तस-[illegible]

८- अहावरं पुरक्खायं इहेगतिया सत्ता अज्झारोहजोणिया अज्झारोहसंभवा जाव कम्मनियाणेणं तत्थवुक्कमा अज्झारोहजोणिएसु अज्झारोहेसु मूलत्ताए जाव बीयत्ताए विउट्टंति । ते जीवा तेसिं अज्झारोहजोणियाणं अज्झारोहाण सिणेहमाहारेंति जाव अवरेऽवि य णं तेसिं अज्झारोहजोणियाणं मूलाणं जाव बीयाणं सरीरा णाणावन्ना जावमक्खायं ।

૮–શ્રી તીર્થંકરોએ વનસ્પતિના બીજા પણ ભેદ કહ્યા છે કે આ જગતમાં કોઈ કોઈ જીવ અધ્યારૂહ વૃક્ષોથી ઉત્પન્ન થાય છે, તેમાં સ્થિત રહે છે અને તેમાજ વૃદ્ધિ પામે છે. તે પોતાના પૂર્વકૃત કર્મથી ત્યા આવે છે અને અધ્યારૂહ યોનિક અધ્યારૂહ વૃક્ષોમાં મૂળ તથા કન્દ આદિથી લઇ બીજ સુધીનારૂપે ઉત્પન્ન થાય છે તે જીવ અધ્યારૂહ યોનિક વૃક્ષોના રસનો આહાર કરે છે અધ્યારૂહ યોનિક મૂળ અને બીજ આદિના અનેક વર્ણ–ગન્ધ–રસ અને સ્પર્શવાળા બીજા શરીરો પણ હોય છે, તેમ શ્રી તીર્થંકરોએ કહેલ છે

તૃણ અને નાનાવિધ વનસ્પતિઓ

९- अहावरं पुरक्खायं इहेगइया सत्ता पुढविजोणिया पुढविसंभवा जाव णाणाविहजोणियासु पुढवीसु तणत्ताए विउट्टंति । ते जीवा तेसिं णाणाविहजोणियाणं पुढवीणं सिणेहमाहारेन्ति, जाव ते जीवा कम्मोववन्ना भवंतीतिमक्खायं ।

૯– શ્રી તીર્થંકર ભગવાને વનસ્પતિકાયનો અન્ય પણ ભેદ કહ્યો છે તે આ પ્રમાણે– કોઈ પ્રાણી પૃથ્વીથી ઉત્પન્ન થાય છે, તેમાં સ્થિત રહે છે. તેમાંજ વૃદ્ધિ પામે છે, વૃદ્ધિ પામીને અનેક પ્રકારની જાતિવાળી પૃથ્વીના રસનો આહાર કરે છે તે જીવ કર્મથી પ્રેરાઈ તૃણયોનિમાં ઉત્પન્ન થાય છે. એમ શ્રી તીર્થંકર ભગવાને કહ્યું છે

१०- (१) एवं पुढविजोणिएसु तणेसु तणत्ताए विउट्टंति, जाव मक्खायं । (२) एवं तणजोणिएसु तणेसु तणत्ताए विउट्टंति, तणजोणियं तणसरीरं च आहारेन्ति जाव मक्खायं । (३) एवं तणजोणिएसु तणेसु मूलत्ताए जाव बीयत्ताए विउट्टंति ते जीवा जाव एवमक्खायं ।

एवं ओसहीण वि चत्तारि आलावगा ।
एवं हरियाण वि चत्तारि आलावगा ।

૧૦– આ પ્રમાણે કોઈ પ્રાણી પૃથ્વીયોનિક તૃણોમાં તૃણરૂપથી ઉત્પન્ન થાય છે શેષ પૂર્વવત્ આ પ્રમાણે કોઇ પ્રાણી પૃથ્વીથી ઉત્પન્ન થાય છે, તેમાં સ્થિત રહે છે. તેમાં જ વૃદ્ધિ પામે છે, વૃદ્ધિ પામીને અનેક પ્રકારની જાતિવાળી પૃથ્વીના રસનો આહાર કરે છે જીવ કર્મથી પ્રેરાઇ તૃણયોનિમાં ઉત્પન્ન થાય છે, એમ શ્રી તીર્થંકર ભગવાને કહ્યુ છે

આ પ્રમાણે કોઈ પ્રાણી પૃથ્વીયોનિક તૃણોમાં તૃણરૂપથી ઉત્પન્ન થાય છે, શેષ પૂર્વવત્ આ પ્રમાણે કોઈ જીવ તૃણમાં તૃણરૂપથી ઉત્પન્ન થાય છે અને તે તૃણયોનિક તૃણોના શરીરનો આહાર કરે છે, ઇત્યાદિ સર્વ આગળ પ્રમાણે જાણવું. આ પ્રમાણે કોઈ જીવ તૃણયોનિક તૃણોમાં મૂળ તથા બીજ રૂપથી ઉત્પન્ન થાય છે, તેઓનું વર્ણન પણ પૂર્વવત્ જાણવું આ પ્રમાણે ઔષધિ અને લિલોતરીનું પણ ચાર પ્રકારથી વર્ણન કરવું જોઈએ.

११- अहावरं पुरक्खायं इहेगइया सत्ता पुढविजोणिया पुढविसंभवा जाव कम्मनियाणेणं तत्थवुक्कमा णाणाविहजोणियासु पुढवीसु आयत्ताए वायत्ताए कायत्ताए कूहणत्ताए कंदुकत्ताए उव्वेहणियत्ताए निव्वेहणियत्ताए सछत्ताए छत्तगत्ताए वासाणियत्ताए कूरत्ताए विउट्टंति। ते जीवा तेसिं णाणाविहजोणियाणं पुढवीणं सिणेहमाहारेंति। तेऽवि जीवा आहारेंति पुढविसरीरं जाव संतं। अवरेऽवि य णं तेसिं पुढविजोणियाणं आयत्ताणं जाव कूराणं सरीरा णाणावण्णा जावमक्खायं। एगो चेव आलावगो, सेसा तिण्णि नत्थि।

१२- अहावरं पुरक्खायं इहेगइया सत्ता उदगजोणिया उदगसंभवा जाव कम्मनियाणेणं तत्थवुक्कमा णाणाविहजोणिएसु उदएसु रुक्खत्ताए विउट्टंति। ते जीवा तेसिं णाणाविहजोणियाणं उदगाणं सिणेहमाहारेंति। ते जीवा आहारेंति पुढविसरीरं जाव संतं। अवरेऽवि य णं तेसिं उदगजोणियाणं रुक्खाणं [illegible] णाणावण्णा जावमक्खायं।

जहा पुढविजोणियाणं [illegible]

[illegible]

१३- [illegible]

सस्स जाव एत्थ णं मेहुणे एवं तं चेव। नाणत्तं अंडं वेगइया जणयंति, पोयं वेगइया जणयंति। से अंडे उब्भिज्जमाणे इत्थिं वेगइया जणयंति, पुरिसंपि णपुंसगंपि। ते जीवा डहरा समाणा वाउकायमाहारेन्ति। आणुपुव्वेणं वुड्ढा वणस्सइकायं तसथावरपाणे। ते जीवा आहारेन्ति पुढविसरीरं जाव संतं। अवरे वि य णं तेसिं णाणाविहाणं उरपरिसप्पथलयरपंचिंदियतिरिक्ख० अहीणं जाव महोरगाणं सरीरा णाणावण्णा णाणागंधा जाव मक्खायं।

પૃથ્વી પર છાતી દ્વારા ચાલે છે. તેથી તેને ઉરઃપરિસર્પ સ્થલચરતિર્યંચ કહ્યા છે તે પ્રાણી પણ પોતપોતાના બીજ અને અવકાશ અનુસાર જ ઉત્પન્ન થાય છે તે જીવોમાં પણ સ્ત્રી-પુરુષનો મૈથુન નામક સંયોગ હોય છે અને સંયોગ થવા પર કર્મ અનુસાર પ્રાણી તે યોનિમાં ઉત્પન્ન થાય છે શેષ પૂર્વવત્ તેમાં ઈંડા ઉત્પન્ન કરે છે, કોઈ બચ્ચું ઉત્પન્ન કરે છે તે ઈંડુ ફૂટયા બાદ સ્ત્રી, પુરુષ કે નપુંસકપણે ઉત્પન્ન થાય છે તે જીવ બાલ્યાવસ્થામાં વાયુકાયનો આહાર કરે છે ક્રમશઃ વૃદ્ધિ પામી વનસ્પતિ કાયનો અને ત્રસ સ્થાવર પ્રાણીઓનો આહાર કરે છે. તે જીવ પૃથ્વીઆદિ કાયાનો પણ આહાર કરે છે આહાર પચાવીને પોતાના રૂપમાં પરિણમાવે છે પૃથ્વીપર છાતીદ્વારા ચાલનારા જે સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચ સર્પથી લઈ મહોરગ પર્યંત કહેલ છે, તેમાં અનેક વર્ણ, અનેક ગન્ધ, અનેક રસ, અનેક સ્પર્શવાળા બીજા શરીરો હોય છે, તેમ તીર્થંકર ભગવાને કહ્યુ છે,

१९- अहावरं पुरक्खायं णाणाविहाणं भुयपरिसप्पथलयरपंचिंदियतिरिक्खजोणियाणं, तंजहा-गोहाणं, नउलाणं, सिहाणं, सरडाणं, सल्लाणं, सरवाणं, खराणं, घरकोइलियाणं, विस्संभराणं, मुसगाणं, मंगुसाणं, पइलाइयाणं, विरालियाणं, जोहाणं, चउप्पाइयाणं। तेसिं च णं अहाबीएणं अहावगासेण इत्थीए पुरिसस्स य जहा उरपरिसप्पाणं तहा भाणियव्वं, जाव सारुविकडं संतं। अवरे वि य णं तेसिं णाणाविहाण भुयपरिसप्पपंचिंदियथलयरतिरिक्खाणं तं० गोहाणं जावमक्खायं।

૧૯— ત્યારબાદ અનેક જાતિવાળા ભુજાની સહાયતાથી પૃથ્વીપર ચાલનારા પંચેન્દ્રિય તિર્યંચો છે તે વિષયમાં શ્રી તીર્થંકરે આ પ્રમાણે કહ્યું છે-ભુજાના બળથી ચાલનારા તિર્યંચો છે, જેમકે ઉંદર, સરડો, કાંચીડો, સલ્લ, સરવ, ખર, ગરોળી, મૂષક મગુસ, પદ્લાલિત, બિડાલ, જોધ અને ચતુષ્પદ. તે પણ પોતપોતાના બીજ અને અવકાશ અનુસાર ઉત્પન્ન થાય છે તે જીવ પણ સ્ત્રી અને પુરુષના સંયોગ વિશેષથી ઉત્પન્ન થાય છે. વિશેષ પૂર્વવત્, તે જીવ આહાર કરી પચાવી પોતાના રૂપે પરિણમાવે છે તે અનેક જાતિવાળા ભુજાના બળે ચાલનારા તિર્યંચોના અનેક વર્ણવાળા શરીર હોય છે, તેમ તીર્થંકરે કહ્યુ છે.

२०- अहावरं पुरक्खायं णाणाविहाणं खहचर-पंचिंदियतिरिक्खजोणियाणं, तंजहा- चम्मपक्खीणं, लोमपक्खीणं, समुग्गपक्खीणं, विततपक्खीणं। तेसिं च णं अहाबीएणं अहावगासेणं इत्थीए जाव उरपरिसप्पाणं। णाणत्तं ते जाव तहा तसमाणा ... सिणेहमाहारेंति। आणुपुव्वेण वुड्ढा वणस्सइकायं तस-थावरे य पाणे। ते जीवा आहारेंति पुढ-विसरीरं जाव संतं। अवरे वि य णं तेसिं णाणाविहाणं खहचरपंचिंदियतिरिक्ख-जोणियाणं चम्मपक्खीणं जाव मक्खायं।

२१- अहावरं पुरक्खायं-इहेगइया ... [illegible]

२७- अहावरं पुरक्खायं इहेगइया सत्ता णाणाविहजोणियाणं जाव कम्मनियाणेणं तत्थवुक्कमा णाणाविहाणं तसथावराणं पाणाणं सरीसेसु सचित्तेसु वा अचित्तेसु वा वाउक्कायत्ताए विउट्टंति । जहा अगणीणं तहा भाणियव्वा, चत्तारि गमा ।

૨૭– ત્યારબાદ આગળ કહે છે કે આ જગતમાં કોઈ જીવ પૂર્વજન્મમાં અનેક પ્રકારની યોનિઓમાં ઉત્પન્ન થઈ ત્યાં કરેલા કર્મના પ્રભાવથી ત્રસ અને સ્થાવર પ્રાણીઓના સચિત્ત અને અચિત્ત શરીરોમાં વાયુકાય રૂપે ઉત્પન્ન થાય છે જયાંપણ તેના ચાર આલાપક અગ્નિસમાન જાણવા.

२८- अहावरं पुरक्खायं इहेगइया सत्ता णाणाविहजोणिया जाव कम्मनियाणेणं तत्थवुक्कमा णाणाविहाणं तसथावराणं पाणाणं सरीरेसु सचित्तेसु अचित्तेसु वा पुढवित्ताए सक्करत्ताए वालुयत्ताए, इमाओ गाहाओ अणुगंतव्वाओ :–

१- पुढवी य सक्करा वालुया य उवले सिला या लोणूसे । अय-तउय-तंब-सीसग-रुप्पसुवण्णे य वइरे य ।

२- हरियाले हिंगुलए, मणोसिला सासगंजणपवाले । अब्भपडलब्भवालुय बायरकाए मणिविहाणा ।

३- गोमेज्जए य रुयए, अंके फलिहे य लोहियक्खे य । मरगयमसारगल्ले, भुयमोयगइंदणीले य ।

४- चंदणगेरुयहंसगब्भ-पुलए सोगंधिए य बोद्धव्वे । चंदप्पभवेरुलिए, जलकंते सूरकंते य ।

एयाओ एएसु भाणियव्वाओ गाहाओ जाव सूरकंतत्ताए विउट्टंति । ते जीवा तेसिं णाणाविहाणं तसथावराणं पाणाणं सिणेहमाहारेन्ति । ते जीवा आहारेन्ति पुढविसरीरं जाव संतं, अवरेऽवि य णं तेसिं तसथावरजोणियाणं पुढवीणं जाव सूरकंताणं सरीरा णाणावण्णा जाव मक्खायं । सेसा तिण्णि आलावगा जहा उदगाणं ।

૨૮– ત્યારબાદ ભગવાને અન્ય પણ કહ્યું છે– આ જગત્માં કોઈ જીવ અનેક પ્રકારની યોનિઓમાં ઉત્પન્ન થઈ પોતાના કર્મના પ્રભાવે પૃથ્વીકાયમાં આવી અનેક પ્રકારના ત્રસ અને સ્થાવર પ્રાણીઓના સચિત્ત અને અચિત્ત શરીરોમાં પૃથ્વી શર્કરા તથા વાલુકા રૂપે ઉત્પન્ન થાય છે તેમના ભેદો નીચે ગાથાઓમાં વર્ણવ્યો છે, તે નીચે પ્રમાણે છે.

પૃથ્વી શર્કરા, વાલુકા, પથ્થર, શિલા, નમક, લોહું, કલઇ, ત્રાંબુ, સીસું, રૂપું, સોનુ, વજ્ર. (૧) હરતાલ, હીંગલો, મણસીલ, પારો, અંજન, પ્રવાલ, અબરખ અને અબરખની રેતી અને મણિઓના ભેદ તે બધા પૃથ્વીકાય છે. (૨)

ગોમિક રત્ન, રૂચક રત્ન, અંક રત્ન, સ્ફટીક રત્ન, લોહિતાક્ષ રત્ન, મરકત રત્ન, મસાર–ગલ્લ રત્ન, ભુજક રત્ન, ઇન્દ્રનીલ રત્ન, ચંદન રત્ન, વૈડુર્ય રત્ન, જલકાન્ત રત્ન, સૂર્યકાન્ત રત્ન આ સર્વ મણિના ભેદો છે. (૩–૪)

આ રીતે ઉત્પન્ન થઇને તે જીવો તે અનેક પ્રકારના ત્રસ અને સ્થાવર પ્રાણીઓના રસનો આહાર કરે છે. પૃથ્વી આદિનો પણ આહાર કરે છે તે જીવોના બીજા પણ અનેક પ્રકારના શરીરો કહ્યા છે. શેષ ત્રણ આલાપક અપકાયની જેમ જાણવા

२९- अहावरं पुरक्खायं सव्वे पाणा सव्वे भूता सव्वे जीवा सव्वे सत्ता णाणाविहजोणिया णाणाविहसंभवा णाणाविहवुक्कमा सरीरजोणिया सरीरसंभवा सरीरवुक्कमा सरीराहारा कम्मोवगा कम्मनियाणा कम्मगतीया कम्मठिइया कम्मुणा चेव विप्परियासमुवेन्ति ।

से एवमायाणह, से एवमायाणित्ता आहारगुत्ते सहिए समिए सया जए त्ति बेमि ।

उद्दवेयव्वा। एस धम्मे धुवे णिइए सासए समिच्च लोगं खेयन्नेंहि पवेदिए।

एवं से भिक्खू विरते पाणाइवायाओ जाव मिच्छादंसणसल्लाओ, से भिक्खू णो दंतपक्खालणेणं दंते पक्खालेज्जा, णो अंजणं, णो वमणं, णो धूवणं पि आदत्ते। से भिक्खू अकिरिए, अलूसए, अकोहे जाव अलोभे, उवसंते, परिनिव्वुडे। एस खलु भगवया अक्खाए संजयविरयपडिहयपच्चक्खायपावकम्मे अकिरिए संवुडे एगंतपंडिए भवइ त्ति बेमि।

તે સાધુ દાતણ કે બીજા સાધનોથી દાંત સાફ ન કરે તથા આંખોમાં અંજન પણ ન આંજે દવા લઈ વમન ન કરે, ધૂપથી વસ્ત્રાદિને સુગંધિત ન કરે તે સાધુ અક્રિય, અહિંસક અક્રોધી યાવત્ અલોભી તથા ઉપશાંત અને પાપરહિત બનીને રહે. ભગવાને આવા સંયમીને સંયત, વિરત, પાપકર્મોનો પ્રતિઘાત અને ત્યાગ કરનારા, અક્રિય, સંવૃત અને એકાન્ત પંડિત કહ્યા છે એમ હું કહું છું, તેમ શ્રી સુધર્મા સ્વામીએ જમ્બૂ સ્વામીને કહ્યુ



અધ્યયન પાંચમું

આચારશ્રુત

ચોથા અધ્યયનમાં સમાજ-આચાર [illegible] ની અનિવાર્યતા દર્શાવી છે પરન્તુ જ્યાં સુધી મનુષ્ય [illegible] આચારમાં સ્થિર થતો નથી ત્યાં સુધી પ્રગતિ [illegible] આચારના પાલનનું અને અનાચારના વર્જનનું [illegible] આવ્યું છે.

१४- णत्थि धम्मे अधम्मे वा,
णेवं सन्नं निवेसए ।
अत्थि धम्मे अधम्मे वा,
एवं सन्नं निवेसए ।

૧૪– ધર્મ અને અધર્મ નથી, એમ વિચારવું નહિ. પરન્તુ ધર્મ અધર્મ છે, એમ માનવું જોઈએ.

१५- णत्थि बंधे व मोक्खे वा,
णेवं सन्नं निवेसए ।
अत्थि बंधे व मोक्खे वा,
एवं सन्नं निवेसए ।

૧૫– બન્ધ અને મોક્ષ નથી, એમ વિચારવું નહિ. પણ બંધ અને મોક્ષ છે, એમ માનવું જોઇએ

१६- णत्थि पुण्णे व पावे वा,
णेवं सन्नं निवेसए ।
अत्थि पुण्णे व पावे वा,
एवं सन्नं निवेसए ।

૧૬– પુણ્ય અને પાપ નથી, એમ વિચારવું નહિ. પણ પુણ્ય અને પાપ છે, એમ માનવું જોઇએ

१७- णत्थि आसवे संवरे वा,
णेवं सन्नं निवेसए ।
अत्थि आसवे संवरे वा,
एवं सन्नं निवेसए ।

૧૭– આશ્રવ અને સંવર નથી, એમ વિચારવુ નહિ પણ આશ્રવ અને સવર છે, એમ માનવું જોઈએ.

१८- णत्थि वेयणा णिज्जरा वा,
णेवं सन्नं निवेसए ।
अत्थि वेयणा णिज्जरा वा,
एवं सन्नं निवेसए ।

૧૮– વેદના અને નિર્જરા નથી, એમ વિચારવુ નહિ પણ વેદના અને નિર્જરા છે, એમ માનવું જોઈએ.

१९- णत्थि किरिया अकिरिया वा,
णेवं सन्नं निवेसए ।
अत्थि किरिया अकिरिया वा,
एवं सन्नं निवेसए ।

૧૯– ક્રિયા અને અક્રિયા નથી, એમ વિચારવું નહિ પણ ક્રિયા અને અક્રિયા છે, એમ માનવું જોઈએ.

२०- णत्थि कोहे व माणे वा,
णेवं सन्नं निवेसए ।
अत्थि कोहे व माणे वा,
एवं सन्नं निवेमए ।

૨૦ – ક્રોધ અને માન નથી, એમ વિચારવું નહિ, પણ ક્રોધ અને માન છે, એમ માનવું જોઈએ.

२१. णत्थि माया व लोभे वा,
णेवं सन्नं निवेसए ।
अत्थि माया व लोभे वा,
एवं सन्नं निवेसए ।

२२. णत्थि पेज्जे व दोसे वा,
णेव सन्न निवेसए ।
अत्थि पेज्जे व दोसे वा,
एवं सन्न निवेसए ।

२३. णत्थि चाउरन्ते संसारे,
णेव सन्न निवेसए ।
अत्थि चाउरन्ते संसारे,
एव सन्नं निवेसए ।

२४. णत्थि देवो व देवी वा,
णेव सन्न निवेसए ।
अत्थि देवो व देवी वा,
एव सन्नं निवेसए ।

२५. णत्थि सिद्धी असिद्धी वा,
णेव सन्न निवेसए ।
अत्थि सिद्धी असिद्धी वा
एव सन्न निवेसए ।

२६. णत्थि सिद्धी णिय ठाण,
णेव सन्न निवेसए ।
अत्थि सिद्धी णिय ठाण
एव सन्न निवेसए ।

२७. [illegible]
[illegible]
[illegible]
[illegible]

१९- पन्नं जहा वणिए उदयट्ठी,
आयस्स हेउं पगरेति संगं ।
तऊवमे समणे नायपुत्ते,
इच्चेव मे होति मती वियक्का

२०- नवं न कुज्जा विहुणे पुराणं,
चिच्चाऽमइं ताइ य साह एवं ।
एतोवया बंभवति त्ति वुत्ता,
तस्सोदयट्ठी समणे त्ति बेमि ।

२१- समारभंते वणिया भूयगामं,
परिग्गहं चेव ममायमाणा ।
ते णातिसंजोगमविप्पहाय,
आयस्स हेउ पगरंति संग ।

२२- वित्तेसिणो मेहुणसंपगाढा,
ते भोयणट्ठा वणिया वयंति ।
वयं तु कामेसु अज्झोववन्ना,
अणारिया पेमरसेसु गिद्धा ।

२३- आरंभगं चेव परिग्गहं च,
अविउस्सिया णिस्सिय आयदंडा
तेसिं च से उदए जं वयासी,
चउरंतणंताय दुहाय णेह ।

२४- [illegible]
[illegible]
[illegible]
[illegible]

२५- अहिंसयं सव्वपयाणुकंपी,
धम्मे ठियं कम्म विवेगहेउं ।
तमायदंडेहि समायरंता,
अबोहीए ते पडिरूवमेयं ।

૨૫–ભગવાન્ કોઈ પણ પ્રાણીની હિંસા ન કરનાર. બધા પ્રાણીઓની અનુકંપા યુક્ત, ધર્મમાં સ્થિત અને કર્મના વિવેકના કારણ છે. એવા ભગવાન્ મહાવીર સ્વામીને આત્માને દંડનારા વણિક્ જેવા કહો તે તો તમારા અજ્ઞાનને અનુરૂપ જ છે

બૌદ્ધ ભિક્ષુઓ સાથે આર્દ્રકજીનો સંવાદઃ–

२६- पिन्नागपिंडीमवि विद्ध सूले,
केइ पएज्जा पुरिसे इमे त्ति ।
अलाउयं वावि कुमारए त्ति,
स लिप्पती पाणिवहेण अम्हं ।

૨૬–બૌદ્ધ–કોઈ પુરુષ ખોળના પિંડને 'એ પુરુષ છે' એવું માની લોઢાના શૂળમાં પરોવીને અગ્નિમાં પકાવે તો તે પુરુષ અમારા મતમાં પ્રાણી-વધના પાપથી લેપાય છે

२७- अहवा वि विद्धूण मिलक्खु सूले,
पिन्नाग-बुद्धीइ नरं पएज्जा ।
कुमारगं वावि अलाबुयं ति,
न लिप्पइ पाणिवहेण अम्हं ।

૨૭–તથા અમારા મત પ્રમાણે તે મ્લેચ્છ જો મનુષ્યને ખોળ સમજીને–તેને વીંધીને–અગ્નિમાં પકાવે અથવા બાળકને તુમડું સમજીને પકાવે, તો તે પ્રાણીઘાતના પાપથી લેપાતો નથી

२८- पुरिसं च विद्धूण कुमारगं वा,
सूलंमि केई पए जायतेए ।
पिन्नायपिंडं सतिमारुहेत्ता,
बुद्धाण तं कप्पति पारणाए ।

૨૮– કોઈ પુરુષ મનુષ્યને કે બાળકને ખોળનો પિંડ સમજીને તેને શૂળથી વીંધી અગ્નિમાં પકાવે તો તે પવિત્ર છે અને બુદ્ધ (જ્ઞાની) ના પારણાને યોગ્ય છે.

२९- सिणायगाणं तु दुवे सहस्से,
जे भोयए णियए भिक्खुयाणं ।
ते पुण्णखंध सुमहं जिणित्ता,
भवंति आरोप्प महंतसत्ता ।

૨૯– અને જે પુરુષ હંમેશા બે હજાર સ્નાતક ભિક્ષુઓને ભોજન કરાવે છે, તે પુણ્યનો મોટો પુંજ ભેગો કરીને મહાપરાક્રમી આરોપ્ય નામનો દેવ બને છે.

३०- अजोगरूवं इह संजयाणं,
पावं तु पाणाण पसज्झ काउं ।
अबोहिए दोण्ह वि तं असाहु,
वयंति जे यावि पडिस्सुणंति ।

૩૦– આર્દ્રક–સંયમી પુરુષો માટે એ યોગ્ય નથી કે તે પ્રાણીઓનો ઘાત કરીને પાપનો અભાવ બતાવે. એવું કહેવું વક્તા અને શ્રોતા બંને ને માટે અજ્ઞાનવર્ધક અને અકલ્યાણકારક છે.

३१- उड्ढं अहेयं तिरियं दिसासु,
विण्णाय लिंगं तस-थावराणं ।
भूयाभिसंकाइ दुगुंछमाणे,
वदे करेज्जा व कुओ विहऽत्थी ।

३२- पुरिसे त्ति विण्णत्ति न एवमत्थि,
अणारिए से पुरिसे तहा हु ।
को संभवो पिण्णगपिंडियाए,
वाया वि एसा वुइया असच्चा

३३- वायाभियोगेण जमावहेज्जा,
णो तारिसं वायमुदाहरिज्जा ।
अट्ठाणमेयं वयणं गुणाणं,
णो दिक्खिए बूय सुरालमेयं ।

३४- लद्धे अट्ठे अहो एव तुब्भे,
जीवाणुभागे सुविचिंतिए य ।
पुव्वं समुद्दं अवरं च पुट्ठे,
उलोइए पाणितले ठिए वा ।

५०- लोयं विजाणंतिह केवलेणं,
पुन्नेण नाणेण समाहिजुत्ता ।
धम्मं समत्तं च कहंति जे उ,
तारंति अप्पाण परं च तिण्णा ।

૫૦–પરંતુ જે કેવલજ્ઞાનથી સમાધિયુક્ત બનીને લોકના સ્વરૂપને યથાર્થ જાણે છે અને સાચા ધર્મનો ઉપદેશ કરે છે, તે પુરુષ પોતાને અને બીજાને પણ સંસારથી પાર ઉતારે છે.

५१- जे गरहियं ठाणमिहावसंति,
जे यावि लोए चरणोववेया ।
उदाहडं तं तु समं मईए,
अहाउसो विप्परियासमेव ।

૫૧–હે આયુષ્મન્! આ લોકમાં જે નિંદનીય આચરણ કરે છે અને જે પુરુષ ઉત્તમ આચરણ કરે છે તે બન્નેને પોતાની મતિથી સમાન બતાવે અથવા શુભ અનુષ્ઠાન કરનારને અશુભ આચરણ કરનાર અને અશુભ આચરણ કરનારને શુભ આચરણ કરનાર કહે છે તે વિપરીત પ્રરૂપણા કરે છે.

હસ્તિતાપસો સાથે આર્દ્રકનો સંવાદ

५२- संवच्छरेणावि य एगमेगं,
बाणेण मारेउ महागयं तु ।
सेसाण जीवाण दयट्ठयाए,
वासं वयं वित्तिं पकप्पयामो ।

૫૨–હસ્તિતાપસ–અમે બીજા બધા જીવોની દયા માટે વર્ષમાં એક વાર બાણથી એક મોટા હાથીને મારીને વર્ષ પર્યન્ત તેના માંસથી અમારું ગુજરાન ચલાવીએ છીએ

५३- संवच्छरेणावि य एगमेगं,
पाणं हणंता अणियत्तदोसा ।
सेसाण जीवाण वहेण लग्गा,
सिया य थोवं गिहिणोऽवि तम्हा ।

૫૩–આર્દ્રક–વર્ષમાં એક વાર પ્રાણીને મારનાર તમે પણ પાપથી નિવૃત્ત થયા નથી, તમે જો પોતાને નિષ્પાપ માનો તો શેષ જીવોના ઘાતમાં પ્રવૃત્તિ ન કરનાર, ગૃહસ્થો પણ એ અપેક્ષાથી દોષ–વર્જિત કેમ ન માનવામાં આવે ?

५४- संवच्छरेणावि य एगमेगं,
पाणं हणंता समणव्वएसु ।
आयाहिए से पुरिसे अणज्जे,
ण तारिसे केवलिणो भवंति ।

૫૪–શ્રમણવ્રતમાં સ્થિત થઈને જે પુરુષ વર્ષમાં એક વાર એક પણ પ્રાણીને મારે તે પણ અનાર્ય કહેવાય છે. તેવા પુરુષને કેવળજ્ઞાન પ્રાપ્ત થઈ શકતું નથી.

५५- बुद्धस्स आणाए इमं समाहि,
अस्सि सुठिच्चा तिविहेण ताई ।
तरिउं समुद्दं व महाभवोघं,
आयाणवं धम्ममुदाहरेज्जा ।

त्ति बेमि ।

૫૫–તત્વદર્શી ભગવાનની આજ્ઞાનુસાર આ શાંતિમય ધર્મને અંગીકાર કરીને અને તેમાં સારી રીતે સ્થિત થઈને-મન-વચન અને કાયાથી મિથ્યાત્વની નિંદા કરનાર પુરુષ પોતાની તથા બીજાની રક્ષા કરે છે, મહા દુસ્તર સમુદ્ર જેવા આ સંસારને પાર કરવા માટે વિવેકી પુરુષોએ સમ્યક્દર્શન જ્ઞાન, ચારિત્રરૂપ આ ધર્મને ગ્રહણ કરવો જોઈએ અને તેનો જ ઉપદેશ આપવો જોઈએ એમ હું કહું છું.



અધ્યયન સાતમુ

નાલંદીય

(નાલંદામાં લેપ ગાથાપતિના બગીચામાં પધારેલા ભગવાન્ ગૌતમ સ્વામી પાસે ઉદક પેઢાલપુત્ર આવે છે અને વાદસહિત પ્રશ્ન કરે છે.

१- तेणं कालेणं तेणं समएणं रायगिहे नामं नयरे होत्था, रिद्धित्थिमितसमिद्धे वण्णओ जाव पडिरूवे । तस्स रायगिहस्स नयरस्स बहिया उत्तरपुरत्थिमे दिसीभाए तत्थ णं नालंदानामं बाहिरिया होत्था, अणेगभवणसयसन्निविट्ठा जाव पडिरूवा ।

૧– તે કાલ અને તે સમયમાં રાજગૃહ નામનું નગર હતુ. તે ઋદ્ધિ-સમૃદ્ધિથી પરિપૂર્ણ અને સુંદર હતું. તે રાજગૃહનગરની બહાર ઇશાન કોણમાં નાલંદાનામનું એક નાનું ગામ હતું, તે ગામ અનેક ભવનોથી સુશોભિત અને સુંદર મનોહર હતું.

२- तत्थ णं नालंदाए बाहिरियाए लेवे नामं गाहावई होत्था अड्ढे, दित्ते, वित्ते, विच्छिन्नविपुलभवणसयणासणजाणवाहणाइण्णे बहुधणबहुजायरूवरजते, आओगप्पओगसंपउत्ते, विच्छड्डियपउरभत्तपाणे, बहुदासीदासगोमहिसगवेलगप्पभूए बहुजणस्स अपरिभूए यावि होत्था ।

૨–તે રાજગૃહની બહાર નાલંદા ગામમાં લેપ નામનો એક ગૃહસ્થ નિવાસ કરતો હતો. તે ઘણો ધનવાન, તેજસ્વી અને સર્વત્ર પ્રસિદ્ધ હતો. તે મોટા મોટા ભવનોથી, શયન, આસન યાનો અને વાહનોથી પરિપૂર્ણ હતો. તે ઘણા ધન-સુવર્ણ અને ચાંદીવાળો હતો. તેમને ત્યાં ઘણાં માણસોને અશન પાણી આપવામાં આવતા હતાં. તે ઘણા દાસ, દાસી, ગાય, ભેંસ, અને ઘેટાનો સ્વામી હતો તે ઘણા માણસોથી પણ પરાભવ પામે તેમ ન હતો.

३- से णं लेवे णामं गाहावई समणोवासए यावि होत्था, अभिगयजीवाजीवे जाव विहरइ । निग्गंथे पावयणे निस्संकिए निक्कंखिए निव्वितिगिच्छे लद्धट्ठे गहियट्ठे पुच्छियट्ठे विणिच्छियट्ठे अभिगहियट्ठे अट्ठिमिजापेमाणुरागरत्ते, अयमाउसो ! निग्गंथे पावयणे अयमट्ठे अयं परमट्ठे, सेसे अणट्ठे, उस्सियफलिहे अप्पावयदुवारे चियत्तंतेउरपवेसे चाउ-

૩– તે લેપ નામનો ગાથાપતિ શ્રમણોપાસક હતો. તે જીવ–અજીવ આદિ નવ તત્વનો જાણનાર હતો. તે નિર્ગ્રન્થ પ્રવચનમાં શંકારહિત, અન્ય દર્શનની કાંક્ષાથી રહિત અને વિચિકિત્સાથી રહિત હતો. તે વસ્તુસ્વરૂપને જાણનાર હતો. તેણે મોક્ષમાર્ગ સ્વીકારેલ હતો. પ્રશ્નોવડે પદાર્થોને સારી રીતે સમજેલો હતો. તેનું અંતઃકરણ સમ્યક્ત્વથી વાસિત હતું. અને તેમની હાડની મજ્જામાં પણ ધર્મનો અનુરાગ હતો. તેને ધર્મ સંબંધી કોઇ પૂછતું તો એ જ કહેતો કે "હે

[illegible]

द्दसट्ठमुद्दिट्ठपुण्णमासिणीसु पडिपुण्णं पोसहं सम्मं अणुपालेमाणे समणे निग्गंथे फासुएसणिज्जेणं असणपाणखाइमसाइमेणं पडिलाभेमाणे बहूहिं सीलव्वयगुणवेरमणपच्चक्खाणपोसहोववासेहिं अप्पाणं भावेमाणे एवं च णं विहरइ ।

४. तस्स णं [illegible]स्स गाहावइस्स [illegible] भारियाए [illegible] [illegible] एत्थ णं [illegible] नाम [illegible] [illegible] अणगार[illegible] [illegible] जाव [illegible] । [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

६- सवायं उदए पेढालपुत्ते भगवं गोयमं एवं वयासी-आउसो गोयमा ! अत्थि खलु कुमारपुत्तिया नाम समणा निग्गंथा तुम्हाणं पवयणं पवयमाणा गाहावइं समणोवासयं उवसंपन्नं एवं पच्चक्खावेन्ति-णण्णत्थ आभिओएणं गाहावइचोरग्गहणविमोक्खणयाए तसेहिं पाणेहिं णिहाय दंडं; एवं ण्हं पच्चक्खंताणं दुप्पच्चक्खायं भवइ। एवं ण्हं पच्चक्खावेमाणाणं दुपच्चक्खावियं भवइ। एवं ते परं पच्चक्खावेमाणा, अतियरंति सयं पतिण्णं। कस्स णं तं हेउं ? संसारिया खलु पाणा थावरा वि पाणा तसत्ताए पच्चायंति, तसा वि पाणा थावरत्ताए पच्चायंति। थावरकायाओ विप्पमुच्चमाणा तसकायंसि उववज्जंति, तसकायाओ विप्पमुच्चमाणा थावरकायंसि उववज्जंति। तेसिं च णं थावरकायंसि उववण्णाणं ठाणमेयं घत्तं।

૬–ઉદક પેઢાલપુત્રે ભગવાન ગૌતમ સ્વામીને આ પ્રમાણે કહ્યું– આયુષ્મન ગૌતમ! કુમાર પુત્ર નામના એક શ્રમણ નિર્ગ્રન્થ છે, જે તમારા પ્રવચનની પ્રરૂપણા કરે છે. તેઓ પ્રત્યાખ્યાન માટે તેમની પાસે આવેલા શ્રમણોપાસક ગાથાપતિઓને એવા પ્રત્યાખ્યાન કરાવે છે કે–"રાજા વિગેરેના અભિયોગને છોડીને, ગાથાપતિ-ચોર ગ્રહણ-વિમોક્ષણ ન્યાયથી ત્રસ પ્રાણીની હિંસા કરવાનો ત્યાગ છે" પરંતુ આ રીતે પ્રત્યાખ્યાન કરનારા અને કરાવનારા પોતાની પ્રતિજ્ઞાનુ ઉલ્લંઘન કરે છે

તેનું શું કારણ છે ?

કારણ એ છે કે પ્રાણીઓ પરિવર્તનશીલ છે. તેથી સ્થાવર પ્રાણી સ્થાવર કાય છોડીને ત્રસકાયમાં ત્રસરૂપે ઉત્પન્ન થાય છે અને ત્રસ પ્રાણી ત્રસ કાયને છોડી સ્થાવર કાયમાં સ્થાવર રૂપે ઉત્પન્ન થાય છે. તેમાં સ્થાવર કાયમાં ઉત્પન્ન થયેલાં ત્રસ પ્રાણીઓની હિંસા તે શ્રમણોપાસક દ્વારા, જેણે ત્રસ જીવોની હિંસા ન કરવાની પ્રતિજ્ઞા કરી છે, થઈ જાય છે.

७- एवं ण्हं पच्चक्खंताण सुपच्चक्खायं भवइ, एवं ण्हं पच्चक्खावेमाणाणं सुपच्चक्खावियं भवइ, एवं ते परं पच्चक्खावेमाणा णातियरंति सयं पइण्णं; णण्णत्थ अभिओगेणं गाहावइचोरग्गहणविमोक्खणयाए तसभूएहिं पाणेहिं णिहाय दंडं, एवमेव सइ भासाए परक्कमे विज्जमाणे जे ते कोहा वा लोहा वा परं पच्चक्खावेंति, अयं पि णो उवएसे णो णेआउए भवइ। अवियाइं आउसो गोयमा ! तुब्भं पि एवं रोयइ ?।

૭–પરન્તુ આ (આગળ કહ્યા) પ્રમાણે–પ્રત્યાખ્યાન કરવા અને કરાવવા તે સુપ્રત્યાખ્યાન છે. આ પ્રમાણે પ્રત્યાખ્યાન કરનાર અને કરાવનાર પોતાની પ્રતિજ્ઞાનું ઉલ્લંઘન કરતો નથી તે પ્રત્યાખ્યાન આ પ્રમાણે છે - 'રાજાનો અભિયોગ છોડીને તથા ગાથાપતિ ચોર–ગ્રહણ-વિમોક્ષણ ન્યાયથી ત્રસભૂત પ્રાણીઓ (વર્તમાન કાળમાં ત્રસરૂપે પરિણત થયેલાં પ્રાણીઓ) ની હિંસા કરવાનો ત્યાગ છે.'

આ પ્રમાણે "ત્રસ" પદ પછી "ભૂત" પદ રાખવાથી ભાષામાં દોષ–પરિહારની શક્તિ આવી જાય છે. તેથી તે મનુષ્યના પ્રત્યાખ્યાન નષ્ટ થતા નથી. માટે જે લોકો ક્રોધ કે લોભને વશ થઈને ત્રસ આગળ "ભૂત" શબ્દ જોડ્યા વિના બીજાને પ્રત્યાખ્યાન કરાવે છે, તેઓ પોતાની પ્રતિજ્ઞાનો ભંગ કરે છે અને ન્યાયસંગત નથી હે આયુષ્મન્ ગૌતમ! મારું આ કથન તમને રુચિકર લાગે છે?

- આ ન્યાયના અર્થ માટે જુઓ પરિશિષ્ટ પૃ ૨૬૪.

[illegible]

८- सवायं भगवं गोयमे उदयं पेढालपुत्तं एवं वयासी-आउसंतो उदगा ! नो खलु अम्हे एयं रोयइ । जे ते समणा वा माहणा वा एवमाइक्खंति, जाव पन्नेंति, णो खलु ते समणा वा निग्गंथा वा भासं भासंति, अणुतावियं खलु ते भासं भासंति, अब्भाइक्खंति खलु ते समणे समणोवासए वा, जेहि वि अन्नेहिं जीवेहिं पाणेहिं भूएहिं सत्तेहिं संजमयंति, ताण वि ते अब्भक्खाइंति । कस्स णं तं हेउं ? संसारिया खलु पाणा, तसा वि पाणा थावरत्ताए पच्चायंति, थावरा वि पाणा तसत्ताए पच्चायंति । तसकायाओ विप्पमुच्चमाणा [illegible]

१४- भगवं च णं उदाहु णियंठा खलु पुच्छि-यव्वा-आउसंतो नियंठा! इह खलु संतेगइया मणुस्सा भवंति। तेसिं च एवं वुत्तपुव्वं भवइ-जे इमे मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइए, एसिं च ण आमरणंताए दंडे णिक्खित्ते। जे इमे अगारमावसंति एएसि णं आमरणंताए दंडे णो णिक्खित्ते। केई च णं समणा जाव वासाइं चउपंचमाए छट्ठद्दसमाइ अप्पयरो वा भुज्जयरो वा देसं दूइ-ज्जित्ता अगारमावसेज्जा? हंता आव-सेज्जा। तस्स णं तं गारत्थं वहमाणस्स से पच्चक्खाणे भंगे भवइ? णो तिणट्ठे समट्ठे। एवमेव समणोवासगस्स वि तसेहिं पाणेहिं दंडे णिक्खित्ते, थावरेहिं दंडे णो णिक्खित्ते, तस्स णं तं थावर-कायं वहमाणस्स से पच्चक्खाणे णो भंगे भवइ। से एवमायाणह णियंठा! एवमायाणियव्वं।

૧૪-ભગવાન ગૌતમ સ્વામી કહે છે કે-નિર્ગ્રન્થોને પૂછી શકાય છે કે હે આયુષ્મન નિર્ગ્રન્થો! આ જગતમાં કેટલાક એવા મનુષ્યો છે જેઓ આ પ્રમાણે પ્રતિજ્ઞા કરે છે કે જેઓ દીક્ષા અંગીકાર કરીને અને ઘર ત્યાગીને અણગાર બની ગયા છે, તેમને મરણ પર્યન્ત દંડ દેવાનો હું ત્યાગ કરું છું, કિન્તુ જે ગૃહસ્થ છે તેમને મરણ પર્યન્ત દંડ દેવાનો ત્યાગ હું કરતો નથી હવે હું તમને પૂછુ છું કે તેમાંથી કોઇ શ્રમણો ચાર, પાચ કે છ અથવા દશ વર્ષ સુધી થોડા કે ઘણા દેશોમાં વિચરીને શું ફરીથી ગૃહસ્થ બની જાય ખરા?

'હા બની જાય ખરા' નિર્ગ્રન્થો ઉત્તર આપે છે

ભગવાન ગૌતમ સ્વામી પુનઃ પૂછે છે કે-તો એ ગૃહસ્થ બની ગયેલા શ્રમણોનો વધ કરવાથી તે પ્રત્યાખ્યાનધારી પુરુષના પ્રત્યાખ્યાનનો ભગ થય?

નિર્ગ્રન્થ લોકો કહે છે કે નહિ, પ્રત્યાખ્યાનનો ભંગ થતો નથી

શ્રી ગૌતમ સ્વામી- તે પ્રમાણે શ્રમણો-પાસકે પણ ત્રસ પ્રાણીઓને દંડ દેવાનો ત્યાગ કર્યો છે. સ્થાવર પ્રાણીઓને દંડ દેવાનો ત્યાગ કર્યો નથી તેથી (ત્રસનો પર્યાય છોડી સ્થાવરમાં આવેલ) સ્થાવર જીવોની હિંસાથી તેના પ્રત્યાખ્યાનનો ભગ થતો નથી હે નિર્ગ્રન્થો! આ પ્રમાણે સમજો અને એમ સમજવું જ યોગ્ય છે

१५- भगवं च णं उदाहु-नियंठा खलु पुच्छि-यव्वा'आउसंतो नियंठा! इह खलु गाहावई वा गाहावइपुत्तो वा तहप्प-गारेहिं कुलेहिं आगम्म धम्मं सवणवत्तियं उवसंकमेज्जा?'

'हंता, उवसंकमेज्जा।'

૧૫-ભગવાન ગૌતમ સ્વામીએ કહ્યુ, હું નિર્ગ્રન્થોને પૂછુ છું- હે આયુષ્મન નિર્ગ્રન્થો! ગાથાપતિ કે ગાથાપતિનો પુત્ર એ પ્રકારના ઉત્તમ કુળમાં જન્મ લઇને ધર્મ સાંભળવા માટે સાધુઓ પાસે આવી શકે છે?

નિર્ગ્રન્થો-હા, આવી શકે છે

[illegible] तहप्पगाराणं धम्मं आइ-
[illegible]

[illegible], आइक्खिज्जइ ।

[illegible] तहप्पगारं धम्मं सोच्चा णिसम्म [illegible] निग्गंथ पावयणं [illegible]

[illegible]

'से णं एयारूवेणं विहारेणं विहरमाणा जाव वासाइं चउपंचमाइं छट्ठदसमाइं वा अप्पयरो वा भुज्जयरो वा देसं दूइज्जेत्ता अगारं वएज्जा ?'

'हंता वएज्जा ।'

'तस्स णं जाव सव्वसत्तेहिं दंडे णिक्खित्ते?'

'णो तिणट्ठे समट्ठे ।'

से जे से जीवे जस्स परेणं सव्वपाणेहि जाव सव्वसत्तेहि दंडे णो णिक्खित्ते, से जे से जीवे जस्स आरेणं सव्वपाणेहि जाव सत्तेहि दंडे णिक्खित्ते, से जे से जीवे जस्स इयाणि सव्वपाणेहि जाव सत्तेहि दंडे णो णिक्खित्ते भवइ, परेण असंजए, आरेणं संजए, इयाणि असंजए असंजयस्स णं सव्वपाणेहि जाव सत्तेहि दंडे णो णिक्खित्ते भवइ । से एवमायाणह नियंठा ! से एवमायाणियव्वं ।

ગૌતમ–હવે તેઓ દીક્ષાપર્યાયમાં સ્થિત રહી ચાર, પાંચ, છ કે દસ વર્ષ સુધી થોડા કે ઘણા દેશોમાં વિચરી ફરીથી ગૃહસ્થ બની જાય, એમ પણ બને ખરું ?

નિર્ગ્રન્થો–હા એમ પણ બની શકે.

ગૌતમ–તેઓ ગૃહસ્થ બન્યા પછી સંપૂર્ણ પ્રાણી યાવત્ સંપૂર્ણ ભૂતોને દંડ આપવાનુ છોડી દે છે?

નિર્ગ્રન્થો–આ પ્રમાણે બનતુ નથી. આ અર્થ સમર્થ નથી (અર્થાત્ સાધુપણુ છોડી ગૃહસ્થ બનનાર વ્યકિત પ્રાણીઓને દંડ આપવાનુ પુન. શરૂ કરે છે. માટે તે પ્રમાણે બનતું નથી)

ગૌતમસ્વામી–હે નિર્ગ્રન્થો ! તે તે જ જીવ છે જેણે દીક્ષા લીધા પહેલાં અર્થાત્ ગૃહસ્થવાસમાં સંપૂર્ણ પ્રાણી યાવત્ સત્વોને દંડ દેવાનો ત્યાગ કર્યો ન હતો તથા તે તે જ જીવ છે જેણે દીક્ષા લીધા પછી સમસ્ત પ્રાણીઓ યાવત્ સત્વોને દંડ દેવાનો ત્યાગ કર્યો હતો તથા તે તે જ જીવ છે કે જે અત્યારે ગૃહસ્થભાવ અંગીકાર કરીને સંપૂર્ણ પ્રાણી યાવત્ સત્વોને દંડ આપવાથી નિવૃત્ત નથી તે પ્રથમ અસંયમી હતો પછી સંયમી બન્યો અને હવે પાછો અસંયમી બની ગયો. અસંયમીની જીવહિંસાની પ્રવૃત્તિ બંધ હોતી નથી, તેથી તે પુરુષ અત્યારે સંપૂર્ણ પ્રાણી યાવત્ સત્વોને દંડ આપવાનો ત્યાગી નથી. હે નિર્ગ્રન્થો ! આ પ્રમાણે જ જાણો અને એમજ જાણવું જોઈએ.

– હે આયુ-

विहरिस्सामो, थूलगं पाणाइवायं पच्चक्खाइस्सामो, एवं थूलगं मुसावायं, थूलगं अदिन्नादाणं, थूलगं मेहुणं, थूलगं परिग्गहं पच्चक्खाइस्सामो, इच्छापरिमाणं करिस्सामो, दुविहं तिविहेणं मा खलु ममट्ठाए किंचि करेह वा करावेह वा तत्थ वि पच्चक्खाइस्सामो। ते णं अभोच्चा अपिच्चा असिणाइत्ता आसंदीपेढियाओ पच्चारुहित्ता, ते तहा कालगया किं वत्तव्वं सिया-सम्मं कालगतत्ति? वत्तवं सिया। ते पाणा वि वुच्चंति, ते तसावि वुच्चंति, ते महाकाया ते चिरट्ठिइया, ते बहुतरगा पाणा जेहिं समणोवासगस्स सुपच्चक्खायं भवइ। से अप्पयरागा पाणा जेहिं समणोवासगस्स अपच्चक्खायं भवइ। इति से महयाओ जण्ण तुब्भे वयह तं चेव जाव अयं पि भेदे से णो णेयाउए भवइ।

ત્યાગ કરશું. સ્થૂલમૃષાવાદ, સ્થૂલ અદત્તાદાન, સ્થૂલમૈથુન, અને સ્થૂલ પરિગ્રહણનો ત્યાગ કરશું. અમે અમારા માટે કાંઈ કરવાના કે કરાવવાના પણ પ્રત્યાખ્યાન કરશું. તેઓ (તે દિવસોમાં) ખાધા-પિધા વિના, સ્નાન કર્યા વિના અને આસનથી ઊતરીને તે અવસ્થામાં કાળગત બની જાય તો તેમને સમ્યક્ કાળગત કહેવા જોઇએ. (અર્થાત્ તેમની સારી ગતિ થઇ છે એમજ કહેવું જોઈએ ને?)

નિર્ગ્રન્થો–હા, એમ જ કહેવું જોઈએ.

ગૌતમ સ્વામી– (તે દેવ બને છે અને) પ્રાણી અને ત્રસ પણ કહેવાય છે. મહાકાય તથા ચિરકાળની સ્થિતિવાળા હોય છે (તે પ્રાણીઓની ઘાત પ્રત્યાખ્યાની શ્રાવકો કરતા નથી) માટે એવા પ્રાણીઓ ઘણા છે, જેઓમાં શ્રમણોપાસકનું પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન બને છે. જેમના વિષયમાં શ્રમણોપાસકના પ્રત્યાખ્યાન હોતા નથી તે પ્રાણી થોડા છે. તેથી તે શ્રાવક મહાન ત્રસકાયની હિંસાથી નિવૃત્ત થયેલ છે. છતાં તમે લોકો તેમનાં પ્રત્યાખ્યાનને નિર્વિષય બતાવો છો, તે તમારું મંતવ્ય ન્યાયસંગત નથી.

१८- भगवं च णं उदाहु--संतेगइया समणोवासगा भवंति, तेसिं च णं एवं वुत्तपुव्वं भवइ–णो खलु वयं संचाएमो मुंडा भवित्ता अगाराओ जाव पव्वइत्तए। णो खलु वयं संचाएमो चाउद्दसट्ठमुदिट्ठपुण्णमासिणीसु जाव अणुपालेमाणा विहरित्तए। वयं णं अपच्छिममारणंतियं संलेहणाजूसणाजूसिया भत्तपाणं पडियाइक्खिया जाव कालं अणवकंखमाणा विहरिस्सामो, सव्वं पाणाइवायं पच्चक्खाइस्सामो जाव सव्वं परिग्गहं पच्चक्खाइस्सामो तिविहं तिविहेणं;

૧૮– ગૌતમ સ્વામી–આ જગતમાં એવા શ્રમણોપાસક હોય છે કે જેઓ (નિર્ગ્રન્થો પાસે) એવુ કહે છે કે અમે પ્રવ્રજ્યા ધારણ કરીને ગૃહસ્થમાથી અણગાર બનીએ, એવુ અમારામાં સામર્થ્ય નથી તથા ચૌદશ, અષ્ટમી, અને પૂર્ણિમા વિગેરે તિથિઓમાં પૂર્ણ પૌષધ વ્રતનુ અનુપાલન કરતાં વિચરવા પણ અમે સમર્થ નથી. અમે તો અંત સમયમાં મરણકાળ આવતાં સંલેખનાનું સેવન કરીને ભતપાણીનો ત્યાગ કરીને મરણની ઇચ્છા કર્યા વિના વિચરશું ત્યારે અમે ત્રણ કરણ અને ત્રણ યોગથી સમસ્ત પ્રાણાતિપાતથી લઈ સમસ્ત પરિગ્રહ સુધીનો ત્યાગ કરશું અને અમારે માટે કાંઈ પણ કરવા–કરાવવાના પ્રત્યાખ્યાન કરશું.

२६- भगवं च णं उदाहु-संतेगइया समणोवासगा भवंति, तेसिं च णं एवं वुत्तपुव्वं भवइ-णो खलु वयं संचाएमो मुंडा भवित्ता जाव पव्वइत्तए । णो खलु वयं संचाएमो चाउद्दसट्ठमुद्दिट्ठपुण्णमासिणीसु पडिपुण्णं पोसहं अणुपालित्तए । णो खलु वयं संचाएमो अपच्छिम जाव विहरित्तए । वयं च णं सामाइयं देसावगासियं पुरत्था पाईणं वा पडीणं वा दाहिणं वा उदीणं वा एतावता जाव सव्वपाणेहिं जाव सव्वसत्तेहिं दंडे णिक्खित्ते, सव्वपाणभूयजीवसत्तेहिं खेमंकरे अहमंसि । तत्थ आरेणं जे तसा पाणा जेहिं समणोवासगस्स आयाणसो आमरणंताए दंडे णिक्खित्ते । तओ आउयं विप्पजहंति, विप्पजहित्ता तत्थ आरेणं चेव जे तसा पाणा जेहिं समणोवासगस्स आयाणसो जाव तेसु पच्चायंति, जेहिं समणोवासगस्स सुपच्चक्खायं भवति । ते पाणा वि जाव अयं पि भेदे से ।

२६- ભગવાન ગૌતમ સ્વામી કહે છે- કેટલાક શ્રમણોપાસકો નિર્ગ્રન્થને કહે છે કે- અમે મુંડિત થઈ દીક્ષા લેવામાં સમર્થ નથી તથા ચતુર્દશી, અષ્ટમી અને પૂર્ણિમાના દિવસે પરિપૂર્ણ પૌષધનું પાલન કરવા માટે અને મરણકાળે સંથારો ગ્રહણ કરવા માટે પણ સમર્થ નથી. પરંતુ અમે સામાયિક તથા સમયના પ્રમાણથી દેશાવકાશિક વ્રત ગ્રહણ કરીશું. પ્રતિદિન પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ દિશાઓમાં દેશથી મર્યાદા કરીને, મર્યાદા બહારના પ્રાણીઓને દંડ દેવાનું છોડી દેશું અમે સર્વ પ્રાણી, ભૂત, જીવ અને સત્વ ઉપર ક્ષેમ કરનારા બનશું વ્રત ગ્રહણ કરવાના સમયથી ગ્રહણ કરેલી મર્યાદિત ભૂમિની બહાર રહેનારા ત્રસ પ્રાણીઓને દંડ આપવાનું શ્રાવકે મરણ પર્યન્ત છોડી દીધું છે. તે પ્રાણીઓ આયુષ્ય પૂર્ણ કરીને મર્યાદા કરેલી ભૂમિની બહાર ત્રસ રૂપે ઉત્પન્ન થાય છે. તો તેમાં શ્રમણોપાસકનુ પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન હોય છે. તે પ્રાણી અને ત્રસ કહેવાય છે, માટે શ્રાવકોના વ્રતને નિર્વિષય બતાવવું ન્યાયસંગત નથી.

२७- तत्थ आरेणं जे तसा पाणा जेहिं समणोवासगस्स आयाणसो आमरणंताए दंडे निक्खित्ते, ते तओ आउं विप्पजहंति, विप्पजहित्ता तत्थ आरेणं चेव जाव थावरा पाणा जेहिं समणोवासगस्स अट्ठाए दंडे अणिक्खित्ते, अणट्ठाए दंडे णिक्खत्ते, तेसु पच्चायंति, तेहिं समणोवासगस्स अट्ठाए दंडे अणिक्खित्ते, अणट्ठाए दंडे णिक्खित्ते, ते पाणा वि वुच्चंति, ते तसा, ते चिरट्ठिइया जाव अयंपि भेदे से० ।

२७- સમીપ ક્ષેત્રમાં (મર્યાદિત ભૂમિમાં) રહેનારા જે ત્રસ પ્રાણીઓ છે તેમની હિંસા કરવાનો શ્રમણોપાસકે વ્રતગ્રહણના સમયથી મરણ પર્યન્ત ત્યાગ કરેલો છે. તે ત્રસ જીવો આયુષ્યનો ક્ષય થતાં કાળ કરીને સમીપ ભૂમિમાં સ્થાવર-પ્રાણીરૂપે ઉત્પન્ન થાય છે, કે જેમની નિષ્પ્રયોજન હિંસા (અનર્થદંડ) નો ત્યાગ કર્યો છે, પરન્તુ સપ્રયોજન હિંસા (અર્થદંડ) નો ત્યાગ નથી.

३१- तत्थ जे ते आरेणं थावरा पाणा जेहिं समणोवासगस्स अट्ठाए दंडे अणिक्खित्ते, अणट्ठाए णिक्खित्ते, तओ आउं विप्पजहंति, विप्पजहित्ता तत्थ परेणं जे तसथावरा पाणा जेहिं समणोवासगस्स आयाणसो आमरणंताए० तेसु पच्चायंति, तेहिं समणोवासगस्स सुपच्चक्खायं भवइ। ते पाणा वि जाव अयं पि भेदे से णो णेयाउए भवइ।

૩૧– ત્યાં જે સમીપવર્તી ક્ષેત્રમાં સ્થાવર જીવ છે તેમને શ્રાવકે પ્રયોજનવશ દંડ આપવાનો ત્યાગ કરેલ નથી કિન્તુ વિના પ્રયોજન દંડ આપવાનો ત્યાગ કરેલ છે, તે યથા સમયે આયુષ્યનો ત્યાગ કરે છે, આયુષ્યનો ત્યાગ કરીને ત્યાં દૂર દેશમાં જે ત્રસ–સ્થાવર પ્રાણી છે, જેનો શ્રાવકે વ્રત–ગ્રહણથી લઈ મરણપર્યન્ત દંડ આપવાનો ત્યાગ કરેલ છે, તેમાં ઉત્પન્ન થાય છે તે જીવોના વિષયમાં શ્રાવકના પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન કહેવાય છે અને તે પ્રાણી અને ત્રસ પણ કહેવાય છે, એવી સ્થિતિમાં શ્રાવકના વ્રતને નિર્વિષય કહેવુ તે અનુચિત છે.

३२- तत्थ जे ते परेणं तसथावरा पाणा जेहिं समणोवासगस्स आयाणसो आमरणंताए० ते तओ आउं विप्पजहंति, विप्पजहित्ता तत्थ आरेणं जे तसा पाणा जेहिं समणोवासगस्स आयाणसो आमरणंताए० तेसु पच्चायंति। तेहिं समणोवासगस्स सुपच्चक्खायं भवइ। ते पाणा वि जाव अयंपि भेदे से णो णेयाउए भवइ।

૩૨– શ્રાવક દ્વારા ગ્રહણ કરેલા દેશપરિમાણથી અન્ય દેશમાં સ્થિત જે ત્રસ અને સ્થાવર પ્રાણી છે તેમને વ્રતગ્રહણ સુધી અથવા યાવત્ જીવન સુધી શ્રાવકે દંડ આપવાનો ત્યાગ કરેલ છે. તે પ્રાણી આયુષ્યને છોડે છે અને શ્રાવક દ્વારા ગ્રહણ કરેલ દેશપરિમાણની અંદર ત્રસ પ્રાણીઓના રૂપમાં ઉત્પન્ન થાય છે. જેને શ્રાવકે વ્રતગ્રહણથી મૃત્યુ પર્યન્ત દંડ આપવાનો ત્યાગ કર્યો છે. તે જીવોમાં શ્રાવકનું પ્રત્યાખ્યાન ચરિતાર્થ હોય છે તે જીવ-પ્રાણી અને ત્રસ પણ કહેવાય છે. માટે શ્રાવકનું પ્રત્યાખ્યાન નિર્વિષય છે, એમ કહેવુ ઉચિત નથી

३३- तत्थ जे ते परेणं तसथावरा पाणा जेहिं समणोवासगस्स आयाणसो आमरणंताए०, ते तओ आउं विप्पजहंति, विप्पजहित्ता तत्थ आरेण जे थावरा पाणा, जेहिं समणोवासगस्स अट्ठाए दंडे अणिक्खित्ते, अणट्ठाए णिक्खित्ते, तेसु पच्चायंति; जेहिं समणोवासगस्स अट्ठाए अणिक्खित्ते, अणट्ठाए णिक्खित्ते जाव ते पाणा वि जाव अयं पि भेदे से णो०।

૩૩– ત્યાં જે ત્રસ અને સ્થાવર પ્રાણી શ્રાવક દ્વારા ગ્રહણ કરાયેલ દેશપરિમાણથી અન્ય દેશવર્તી છે, જેનો શ્રાવકે વ્રતગ્રહણના સમયથી લઇ મરણ પર્યન્ત દંડ આપવાનો ત્યાગ કરેલ છે તે, તે આયુષ્યને છોડી દે છે અને આયુષ્યને છોડીને ત્યાં જે સમીપવર્તી સ્થાવર પ્રાણી છે જેને શ્રાવકે દંડ આપવાનો ત્યાગ કરેલ નથી કિન્તુ અનર્થદંડનો ત્યાગ કરેલ છે, તેમાં તે ઉત્પન્ન થાય છે. જેનો શ્રાવકે અર્થદંડનો ત્યાગ કરેલ નથી પણ અનર્થદંડનો ત્યાગ કરેલ છે. તે જીવ પ્રાણી પણ કહેવાય છે અને ત્રસ પણ કહેવાય છે, માટે શ્રાવકના વ્રતને નિર્વિષય કહેવું ન્યાયસંગત નથી.

३७- भगवं च णं उदाहु-आउसंतो उदगा! जे खलु तहाभूतस्स समणस्स वा माहणस्स वा अंतिए एगमवि आरियं धम्मियं सुवयणं सोच्चा निसम्म अप्पणो चेव सुहुमाए पडिलेहाए अणुत्तरं जोगखेमपयं लंभिए समाणे सो वि ताव तं आढाइ, परिजाणेइ, वंदइ, नमंसइ, सक्कारेइ, सम्माणेइ, जाव कल्लाणं मंगलं देवयं चेइयं पज्जुवासइ ।

૩૭– ત્યારે ભગવાન્ ગૌતમ સ્વામીએ કહ્યું– હે આયુષ્મન્ ઉદક! જે પુરુષ તથાભૂત શ્રમણ અને માહણ પાસેથી એક પણ આર્યધાર્મિક સુવચનને સાંભળીને અને સમજીને પછી પોતાની સૂક્ષ્મ બુદ્ધિથી વિચાર કરે છે કે તેમણે મને સર્વોત્તમ કલ્યાણનો માર્ગ પ્રાપ્ત કરાવ્યો છે, તેનો આદર કરે છે. તેને પોતાનો ઉપકારી માને છે. તેમને વંદન નમસ્કાર કરે છે સત્કાર-સન્માન કરે છે. કલ્યાણસ્વરૂપ, મંગલસ્વરૂપ, દેવસ્વરૂપ, ચૈત્ય સ્વરૂપ માનીને તેની ઉપાસના કરે છે.

३८- तए णं से उदए पेढालपुत्ते भगवं गोयमं एवं वयासी-एतेसिं णं भंते! पयाणं पुव्वि अन्नाणयाए असवणयाए अबोहिए अणभिगमेणं अदिट्ठाणं असुयाणं अमुयाणं अविन्नायाणं अव्वोगडाणं अणिगूढाणं अविच्छिन्नाणं अणिसिट्ठाणं अणिवूढाणं अणुवहारियाणं एयमट्ठं णो सद्दहियं, णो पत्तियं, णो रोइयं, एतेसिं णं भंते! पदाणं एण्हिं जाणयाए सवणयाए बोहिए जाव उवहारणयाए एयमट्ठं सद्दहामि, पत्तियामि, रोएमि, एवमेव से जहेयं तुब्भे वदह ।

૩૮– ત્યાર પછી ઉદક પેઢાલપુત્રે ભગવાન્ ગૌતમ સ્વામીને આ પ્રમાણે કહ્યું–હે ભદંત! આ પદોને મેં પ્રથમ જાણ્યા ન હતાં, સાંભળ્યા ન હતાં, તે પદોને હું સમજ્યો ન હતો, તેમને હૃદયંગમ કર્યાં ન હતાં. તેથી તે પદો મારા માટે નહિ જોયેલા અને નહિ સાંભળેલા એવા છે. તેવા પદો મારા માટે અવિજ્ઞાત છે અને અનુપધારિત છે. (સ્મરણ કરેલ નથી). પહેલાં ગુરુના મુખારવિંદથી તેમને પ્રાપ્ત કર્યાં ન હતા. તે પદો મારા માટે અપ્રગટ, સંશયરહિત, જ્ઞાત નહિ થયેલાં, અનિર્વાહિત અને હૃદયમાં નિશ્ચય કરેલ નથી તેથી મેં તે પદોમાં શ્રદ્ધા, વિશ્વાસ અને રુચિ કરેલ ન હતી હે પૂજ્ય! મેં તે પદો હવે જાણ્યા છે, સાંભળ્યા છે, સમજ્યા છે, યાવત્ તેમનો નિશ્ચય કર્યો છે તેથી હવે હું તેમાં શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ કરું છું, જેમ આપ કહો છો તેમજ છે.

३९- तए णं भगव गोयमे उदयं पेढालपुत्तं एवं वयासी–सद्दहाहि णं अज्जो! पत्तियाहि णं अज्जो! रोएहि णं अज्जो! एवमेयं जहा अम्हे वयामो । तए णं से उदए पेढालपुत्ते भगवं गोयमं एवं वयासी-इच्छामि णं भंते! तुब्भं अंतिए चाउज्जामाओ धम्माओ पंचमहव्वइय मपडिक्कमण धम्मं उवसंपज्जित्ता णं विहरित्तए ।

૩૯–ત્યારે ભગવાન ગૌતમ સ્વામી ઉદક પેઢાલપુત્રને આ પ્રમાણે કહે છે–હે આયુષ્મન ઉદક! હે આર્ય! જે પ્રમાણે કહીએ છીએ તે પ્રમાણે શ્રદ્ધા કરો, હે આર્ય! એ પ્રમાણે જ રુચિ કરો.

ત્યાર પછી ઉદક પેઢાલપુત્રે ભગવાન ગૌતમ સ્વામીને આ પ્રમાણે કહ્યુ–હે ભદંત! હું આપની પાસે ચાર યામ (મહાવ્રત)વાળો ધર્મ છોડીને પાંચ મહાવ્રત યુક્ત ધર્મનો પ્રતિક્રમણ સહિત સ્વીકાર કરીને વિચરવા ઇચ્છું છું.

३१- तत्थ जे ते आरेणं थावरा पाणा जेंहि समणोवासगस्स अट्ठाए दंडे अणिक्खित्ते, अणट्ठाए णिक्खित्ते, तओ आउं विप्पजहंति, विप्पजहित्ता तत्थ परेणं जे तसथावरा पाणा जेंहि समणोवासगस्स आयाणसो आमरणंताए० तेसु पच्चायंति, तेंहि समणोवासगस्स सुपच्चक्खायं भवइ । ते पाणा वि जाव अयं पि भेदे से णो णेयाउए भवइ ।

૩૧– ત્યાં જે સમીપવર્તી ક્ષેત્રમાં સ્થાવર જીવ છે તેમને શ્રાવકે પ્રયોજનવશ દંડ આપવાનો ત્યાગ કરેલ નથી. કિન્તુ વિના પ્રયોજન દંડ આપવાનો ત્યાગ કરેલ છે, તે યથા સમયે આયુષ્યનો ત્યાગ કરે છે, આયુષ્યનો ત્યાગ કરીને ત્યાં દૂર દેશમાં જે ત્રસ–સ્થાવર પ્રાણી છે, જેનો શ્રાવકે વ્રત–ગ્રહણથી લઈ મરણપર્યન્ત દંડ આપવાનો ત્યાગ કરેલ છે, તેમાં ઉત્પન્ન થાય છે. તે જીવોના વિષયમાં શ્રાવકના પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન કહેવાય છે અને તે પ્રાણી અને ત્રસ પણ કહેવાય છે, એવી સ્થિતિમાં શ્રાવકના વ્રતને નિર્વિષય કહેવુ તે અનુચિત છે.

३२- तत्थ जे ते परेणं तसथावरा पाणा जेंहि समणोवासगस्स आयाणसो आमरणंताए० ते तओ आउं विप्पजहंति, विप्पजहित्ता तत्थ आरेणं जे तसा पाणा जेंहि समणोवासगस्स आयाणसो आमरणंताए० तेसु पच्चायंति। तेंहि समणोवासगस्स सुपच्चक्खायं भवइ। ते पाणा वि जाव अयंपि भेदे से णो णेयाउए भवइ।

૩૨– શ્રાવક દ્વારા ગ્રહણ કરેલા દેશપરિમાણથી અન્ય દેશમાં સ્થિત જે ત્રસ અને સ્થાવર પ્રાણી છે તેમને વ્રતગ્રહણ સુધી અથવા યાવત્ જીવન સુધી શ્રાવકે દંડ આપવાનો ત્યાગ કરેલ છે. તે પ્રાણી આયુષ્યને છોડે છે અને શ્રાવક દ્વારા ગ્રહણ કરેલ દેશપરિમાણની અંદર ત્રસ પ્રાણીઓના રૂપમાં ઉત્પન્ન થાય છે. જેને શ્રાવકે વ્રતગ્રહણથી મૃત્યુ પર્યન્ત દંડ આપવાનો ત્યાગ કર્યો છે. તે જીવોમાં શ્રાવકનું પ્રત્યાખ્યાન ચરિતાર્થ હોય છે. તે જીવ-પ્રાણી અને ત્રસ પણ કહેવાય છે. માટે શ્રાવકનું પ્રત્યાખ્યાન નિર્વિષય છે, એમ કહેવું ઉચિત નથી.

३३- तत्थ जे ते परेणं तसथावरा पाणा जेंहि समणोवासगस्स आयाणसो आमरणंताए०, ते तओ आउं विप्पजहंति, विप्पजहित्ता तत्थ आरेणं जे थावरा पाणा, जेंहि समणोवासगस्स अट्ठाए दंडे अणिक्खित्ते, अणट्ठाए णिक्खित्ते, तेसु पच्चायंति; जेंहि समणोवासगस्स अट्ठाए अणिक्खित्ते, अणट्ठाए णिक्खित्ते जाव ते पाणा वि जाव अयं पि भेदे से णो० ।

૩૩– ત્યાં જે ત્રસ અને સ્થાવર પ્રાણી શ્રાવક દ્વારા ગ્રહણ કરાયેલ દેશપરિમાણથી અન્ય દેશવર્તી છે, જેનો શ્રાવકે વ્રતગ્રહણના સમયથી લઇ મરણ પર્યન્ત દંડ આપવાનો ત્યાગ કરેલ છે તે, તે આયુષ્યને છોડી દે છે અને આયુષ્યને છોડીને ત્યાં જે સમીપવર્તી સ્થાવર પ્રાણી છે જેને શ્રાવકે દંડ આપવાનો ત્યાગ કરેલ નથી કિન્તુ અનર્થદંડનો ત્યાગ કરેલ છે, તેમાં તે ઉત્પન્ન થાય છે. જેનો શ્રાવકે અર્થદંડનો ત્યાગ કરેલ નથી પણ અનર્થદંડનો ત્યાગ કરેલ છે. તે જીવ પ્રાણી પણ કહેવાય છે અને ત્રસ પણ કહેવાય છે, માટે શ્રાવકના વ્રતને નિર્વિષય કહેવું ન્યાયસંગત નથી.

३७- भगवं च णं उदाहु-आउसंतो उदगा ! जे खलु तहाभूतस्स समणस्स वा माहणस्स वा अंतिए एगमवि आरियं धम्मियं सुवयणं सोच्चा निसम्म अप्पणो चेव सुहुमाए पडिलेहाए अणुत्तरं जोगखेमपयं लंभिए समाणे सो वि ताव तं आढाइ, परिजाणेइ, वंदइ, नमंसइ, सक्कारेइ, सम्माणेइ, जाव कल्लाणं मंगलं देवयं चेइयं पज्जुवासइ ।

૩૭– ત્યારે ભગવાન્ ગૌતમ સ્વામીએ કહ્યું– હે આયુષ્મન્ ઉદક ! જે પુરુષ તથાભૂત શ્રમણ અને માહણ પાસેથી એક પણ આર્ય ધાર્મિક સુવચનને સાંભળીને અને સમજીને પછી પોતાની સૂક્ષ્મ બુદ્ધિથી વિચાર કરે છે કે તેમણે મને સર્વોત્તમ કલ્યાણનો માર્ગ પ્રાપ્ત કરાવ્યો છે, તેનો આદર કરે છે. તેને પોતાનો ઉપકારી માને છે. તેમને વંદન નમસ્કાર કરે છે. સત્કાર–સન્માન કરે છે. કલ્યાણસ્વરૂપ, મંગલસ્વરૂપ, દેવસ્વરૂપ, ચૈત્ય સ્વરૂપ માનીને તેની ઉપાસના કરે છે.

३८- तए णं से उदए पेढालपुत्ते भगवं गोयमं एवं वयासी-एतेसिं णं भंते ! पयाणं पुव्वि अन्नाणयाए असवणयाए अबोहिए अणभिगमेणं अदिट्ठाणं असुयाणं अमुयाणं अविन्नायाणं अव्वोगडाणं अणिगूढाणं अविच्छिन्नाणं अणिसिट्ठाणं अणिवूढाणं अणुवहारियाणं एयमट्ठं णो सद्दहियं, णो पत्तियं, णो रोइयं, एतेसि णं भंते ! पदाणं एण्हिं जाणयाए सवणयाए बोहिए जाव उवहारणयाए एयमट्ठं सद्दहामि, पत्तियामि, रोएमि, एवमेव से जहेयं तुब्भे वदह ।

૩૮– ત્યાર પછી ઉદક પેઢાલપુત્રે ભગવાન્ ગૌતમ સ્વામીને આ પ્રમાણે કહ્યું–હે ભદંત ! આ પદોને મેં પ્રથમ જાણ્યા ન હતાં, સાંભળ્યા ન હતાં, તે પદોને હું સમજ્યો ન હતો, તેમને હૃદયંગમ કર્યા ન હતાં. તેથી તે પદો મારા માટે નહિ જોયેલા અને નહિ સાંભળેલા એવા છે. તેવા પદો મારા માટે અવિજ્ઞાત છે અને અનુપધારિત છે. (સ્મરણ કરેલ નથી). પહેલાં ગુરુના મુખારવિંદથી તેમને પ્રાપ્ત કર્યા ન હતા. તે પદો મારા માટે અપ્રગટ, સંશયરહિત, જ્ઞાત નહિ થયેલાં, અનિર્વાહિત અને હૃદયમાં નિશ્ચય કરેલ નથી. તેથી મેં તે પદોમાં શ્રદ્ધા, વિશ્વાસ અને રુચિ કરેલ ન હતી હે પૂજ્ય ! મેં તે પદો હવે જાણ્યા છે, સાંભળ્યા છે, સમજ્યા છે, યાવત્ તેમનો નિશ્ચય કર્યો છે. તેથી હવે હુ તેમાં શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ કરું છું, જેમ આપ કહો છો તેમજ છે.

३९- तए णं भगवं गोयमे उदयं पेढालपुत्तं एवं वयासी–सद्दहाहि णं अज्जो ! पत्तियाहि णं अज्जो ! रोएहि णं अज्जो ! एवमेयं जहा अम्हे वयामो । तए णं से उदए पेढालपुत्ते भगवं गोयमं एवं वयासी-इच्छामि णं भंते ! तुब्भं अंतिए चाउज्जामाओ धम्माओ पंचमहव्वइयं सपडिक्कमणं धम्मं उवसंपज्जित्ता णं विहरित्तए ।

૩૯–ત્યારે ભગવાન્ ગૌતમ સ્વામી ઉદક પેઢાલપુત્રને આ પ્રમાણે કહે છે–હે આયુષ્મન્ ઉદક ! હે આર્ય ! જે પ્રમાણે કહીએ છીએ તે પ્રમાણે શ્રદ્ધા કરો, હે આર્ય ! એ પ્રમાણે જ રુચિ કરો.

ત્યાર પછી ઉદક પેઢાલપુત્રે ભગવાન ગૌતમ સ્વામીને આ પ્રમાણે કહ્યું–હે ભદંત ! હું આપની પાસે ચાર યામ (મહાવ્રત)વાળો ધર્મ છોડીને પાંચ મહાવ્રત યુક્ત ધર્મનો પ્રતિક્રમણ સહિત સ્વીકાર કરીને વિચરવા ઇચ્છું છું

પરિશિષ્ટ

ગાથાપતિ ચોરગ્રહણ વિમોચનન્યાયનો આશય એ છે કે–કોઈ એક રાજાએ પોતાના નગરમાં આજ્ઞા આપી કે "આજે રાતે નગર બહાર કૌમુદી–ઉત્સવ ઉજવવામાં આવશે. માટે સમસ્ત નગરવાસીઓ સાંજે નગર છોડી નગર બહાર આવી જાય. જે કોઇ વ્યકિત આ આજ્ઞાનું ઉલ્લંઘન કરી આજે રાતે નગરમાં રહેશે તેને વધનો દંડ આપવામાં આવશે, આ આજ્ઞા સાભળી નગરવાસીઓ સૂર્યાસ્ત પહેલાં જ નગર બહાર ચાલ્યા ગયા. પરંતુ એક વૈશ્ય–વેપારીના પાચ પુત્રો પોતાના કાર્યમાં મશગૂલ હોવાથી ઉત્સવમાં જવાનું ભૂલી ગયા. રાજપુરુષોએ સૂર્યાસ્ત થતાં જ નગરના બધા દરવાજા બંધ કરી દીધા. રાત્રિનું આગમન થતાં જ વૈશ્ય–પુત્રોને કૌમુદી–ઉત્સવની અને રાજાજ્ઞાની યાદ આવી. પણ બહાર જવા માટે દરવાજા બંધ થઈ ગયા હતા. સૂર્યોદય થતાં જ રાજપુરુષોએ આ વૈશ્ય–પુત્રોને પકડી લીધા અને રાજાએ તેઓનો વધ કરવા આજ્ઞા આપી આ ભયંકર સમાચાર સાંભળી તેના પિતા ઘણો શોક કરતો પોતાના પુત્રોને મુકત કરાવવા રાજા પાસે જઈ ઘણો અનુનય વિનય કરવા લાગ્યો. પણ રાજાએ તેની એક પણ વાત ન સાંભળી. ત્યારે વૈશ્યે કહ્યુ કે "રાજન! જો તમે મારા પાંચ પુત્રોને વધ–શિક્ષામાંથી મુકત કરવા ઇચ્છતા નહો તો ચારને મુકત કરો". આમ કહેવા પર પણ રાજા રાજી ન થયો. તેથી તેણે ત્રણ પુત્રોને છોડવાની અને પશ્ચાત્ બે પુત્રોને છોડવાની પ્રાર્થના કરી. જ્યારે રાજાએ બે પુત્રોને છોડવા માટે પણ ખુશી ન બતાવી ત્યારે તેને એક પુત્રને છોડવા પ્રાર્થના કરી. નસીબ જોગે રાજાએ તેની આ વાત સાંભળી અને કુળની રક્ષા માટે તેના એક પુત્રને મુકત કર્યો. આજ તે ન્યાયનું સ્વરૂપ છે. એનો તાત્પર્ય એ છે કે જેમ તે વૃદ્ધ વૈશ્ય પોતાના પાંચે પુત્રોને રાજદંડથી મુકત કરાવવા ઇચ્છતો હતો પણ તેનો તે મનોરથ પૂર્ણ ન થતાં એક પુત્રને છોડાવી સંતોષ પામ્યો. તેમ સાધુ બધા પ્રાણીઓના દંડનો ત્યાગ કરાવવા ઇચ્છે છે. તેઓ ઇચ્છતા નથી કે એક પણ મનુષ્ય કોઇ પ્રાણીની ઘાત કરે. પરંતુ જ્યારે તે મનુષ્ય બધા પ્રાણીઓની હિંસાનો ત્યાગ કરવા ન ઇચ્છે ત્યારે સાધુ તેને જેટલો બની શકે તેટલો ત્યાગ કરવા અનુરોધ કરે છે. માટે ત્રસ પ્રાણીઓની ઘાતનો ત્યાગ કરાવનાર સાધુ સ્થાવર પ્રાણીની ઘાતના સમર્થક ન હોય. તે બતાવવા માટે અહીં ગાથાપતિ અને ચોરનો દૃષ્ટાંત આપ્યું છે.

